સંતવાણી ગ્રંથાવલિ ૯

# હજરત મહંમદ પયગંબર



# હજરત મહંમદ પયગંબર

## (Hazrat Mohammad Payagambar)


સંકલન

ડૉ. અરુણિકા મનોજ દરૂ

(વલસાડ)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ. ૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪
(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨
(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫
(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧
(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧
(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# હજરત મહંમદ પયગંબર

હજરત મહંમદ પયગંબરનો જન્મ ઈ. સ. ૫૭૦માં અરબસ્તાનમાં થયો હતો. ઐતિહાસિક પરંપરામાં વિશ્વવ્યાપક ધર્મપ્રવર્તકોમાં સૌથી અંતિમ જન્મ હજરત મહંમદ પયગંબરનો છે. હજરત મહંમદ પયગંબરનું મૂળ નામ ઉબુલ કાસિમ હતું પરંતુ તેમના કાર્યને અનુલક્ષીને તેઓ પાછળથી; (જેમ સિદ્ધાર્થ બુદ્ધ કહેવાયા, ઈશુ ખ્રિસ્ત દૈવી સમ્રાટ કહેવાયા તેમ) મહંમદ - અતિ પ્રશંસિદ - કહેવાયા.

ધાર્મિક રીતે અરબસ્તાનના લોકો ખૂબ પછાત, રૂઢિચુસ્ત અને જડ હતા. તેઓ અનેક દેવદેવીઓને માનતા અને પૂજતા. ભૂતપ્રેત, પિશાચ, જીન, જાદુ વગેરેમાં પણ ખૂબ માનતા. મરણ પાછળ જંગલી પ્રકારની શ્રાદ્ધ વિધિ આદરતા. જુદા જુદા કબીલાઓનાં દેવદેવીઓ અલગ હતાં, અને લડાઈ થતી ત્યારે એકબીજાનાં દેવદેવીઓને પણ કેદ કરતા. અરબસ્તાનના હિજાજ નામના પ્રાંતમાં મક્કા શહેરમાં એમનું કાબાનું મંદિર હતું. એ મંદિર મૂર્તિઓથી ભરેલું રહેતું. એમાં ૩૬૦ દેવદેવીઓની મૂર્તિ હતી. કાબાનું મંદિર સેંકડો વર્ષ પુરાણું હતું. એમ માનવામાં આવે છે કે હજરત મહંમદ પયગંબર પૂર્વે થઈ ગયેલા હજરત ઈબ્રાહીમ પયગંબરે કાબાનું મંદિર બંધાવ્યું હતું. એ જ પયગંબર ઈબ્રાહીમે મૂર્તિઓ તોડી નિરાકાર અલ્લાહ-ઈશ્વરને ભજવાનો લોકોને આદેશ આપ્યો હતો, પરંતુ ઈબ્રાહીમ બાદ સેંકડો વર્ષ પછી ધર્મ વળી પાછો ભ્રષ્ટ થઈ ગયો અને પુનઃ બુતપરસ્તી (મૂર્તિપૂજા) શરૂ થઈ ગઈ હતી. આમાં કોઈ મૂર્તિ માટીની,

કોઈ લાકડાની, કોઈ પથ્થરની તો કોઈ લોટની હતી. લોકોમાં વેરઝેર એટલાં અને દેવદેવી વિશે શ્રદ્ધા એવી કંગાલ કે લોકોનાં વેરઝેરનું સાધન પણ દેવદેવીઓ બનતાં. આમ ઈશ્વરની સર્વશક્તિમત્તા અને સર્વવ્યાપકતાનો સર્વથા અંત આવી ગયો હતો અને ઈબ્રાહીમે પ્રબોધેલ ધર્મની સંપૂર્ણ અવગતિ થઈ હતી.

આવા પતનના કાળમાં પ્રજાનો ઉદ્ધાર કરવા માટે ખુદાના એક મહાન અને છેલ્લા પયગંબર પ્રગટ થયા. અરબસ્તાનમાં એક બાજુ રાતા સમુદ્રને કિનારે સીરિયાથી માંડીને યમન સુધીનો પ્રદેશ હિજાજ કહેવાતો હતો; તેના મુખ્ય શહેર મક્કામાં મહંમદ પયગંબરનો જન્મ થયો હતો. આગળ જણાવ્યું તેમ મહંમદ પયગંબરના જન્મનાં વર્ષો પૂર્વે મક્કામાં કાબાનું મંદિર અસ્તિત્વમાં હતું. એ મંદિરમાં એક પવિત્ર પથ્થર હજરે-અસવદ હતો જે આજે પણ મોજૂદ છે. એ કાબાનો પથ્થર દોઢ ફૂટ લાંબો અને આઠ ઈંચ પહોળો લંબ ગોળાકાર છે. હજરે-અસવદની પવિત્રતા અદ્વિતીય છે અને પૂજકો અને યાત્રાળુઓ અત્યંત શ્રદ્ધાથી એને નમન અને ચુંબન કરે છે. સમગ્ર અરબસ્તાનમાંથી લોકો આ પાક પથ્થરનાં દર્શને આવતા પણ એ જ મંદિરમાં સંખ્યાબંધ મૂર્તિઓ હતી તેની અરબલોકો સંકુલ વિધિએ પૂજા કરતા અને પ્રાણીઓનાં તેમ જ માનવોનાં બલિ પણ ચડાવતા. દેવદેવીઓને રીઝવવાને બહાને અનેક અત્યાચારો આદરવામાં આવતા. આ સમયના અરબસ્તાનમાં પૂર્વેના ચાર થઈ ગયેલા ઉત્તમ ધર્મોમાં પણ વિકૃતિ આવી ગઈ હતી. તે ચાર ધર્મો સાથે વહેમ, અંધશ્રદ્ધા, અનીતિ અને નિર્લજ્જતા જોડાયાં હતાં. તે ચાર ધર્મો સેબિયન, ઈબ્રાહીમી, યહૂદી અને ખ્રિસ્તી

ધર્મો હતા. ઘણા અરબો આ વિકૃત થઈ ગયેલા ધર્મને અનુસરતા હતા. વળી આ બધા ધર્મોના અનુયાયીઓ એકબીજા સાથે દ્વેષથી વર્તતા હતા. ધાર્મિક અને સામાજિક ભેદો અને વાડાઓને કારણે આખો દેશ જર્જરિત ઈમારત જેવો નિર્બળ બની ગયો હતો. અરબો પરદેશી વેપારી અને યાત્રાળુઓને લૂંટી લેવામાં કોઈ અન્યાય કે અનીતિ સમજતા નહીં. સમગ્ર અરબસ્તાન માટે આ અજ્ઞાનનો જમાનો હતો.

આવા અજ્ઞાનના તિમિરાકાશમાં એકાએક નવોદિત પ્રકાશ પ્રગટ થયો. મહંમદ પયગંબરનો જન્મ વિશ્વનો એક મહાન પ્રસંગ ગણી શકાય એવો છે. એમણે વિશાળ અરબસ્તાનની ભૂમિ અને પ્રજાને અજ્ઞાનના ગર્તમાંથી બહાર કાઢી, સત્ય ધર્મનાં તેજસ્વી કિરણોથી વિભૂષિત કરી. મહંમદ પયગંબર એ પયગંબરની પરંપરામાં છેલ્લા પયગંબર છે, અને હવે બીજા કોઈ પયગંબર અવતાર લેવાના નથી એમ માનવામાં આવે છે. એટલે કે મહંમદ પયગંબરના જીવનમાં અને આદેશમાં અલ્લાહનું સમસ્ત સત્ય સ્ફુટિત થયું છે અને હવે કાંઈ શેષ રહેતું નથી. મહંમદ પયગંબર પૂર્વે ૨૮ પયગંબરો થઈ ગયા છે, પરંતુ મહંમદ સાહેબ દ્વારા અલ્લાહે પોતાની વાત પૂર્ણ કરી છે. યહૂદી અને ખ્રિસ્તી ધર્મના કેટલાક પયગંબરો મહંમદ સાહેબે સ્થાપેલા ઈસ્લામ ધર્મના પણ પયગંબરો ગણાયા છે.

મહંમદ પયગંબરે અરબસ્તાનના વિવિધ ધર્મોમાં પ્રવેશેલા દુરાચાર જોઈને શુદ્ધ ધર્મને સ્થાપવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. આ મહંમદ સાહેબે સ્થાપેલો ધર્મ તે ઈસ્લામ ધર્મ કે મુસ્લિમ ધર્મ કહેવાય છે.

મહંમદ પયગંબરના સમયમાં અરબસ્તાનમાં કુરેશી કબીલાનું ઘણું વર્ચસ્વ હતું. વેપાર અને સત્તા એમના હાથમાં હતાં. મહંમદ પયગંબર કુરેશી કબીલામાં જન્મ્યા હતા પરંતુ એમનું કુટુંબ બની હાશિમને નામે ઓળખાતું હતું. બની હાશિમ મહંમદ સાહેબના દાદાના પિતા થાય. તેઓ પોતાના જમાનામાં મક્કાના હાકેમ હતા. હાશિમના પુત્ર અબદુલ મુત્તલિબ હતા. અબદુલ મુત્તલિએ અલ્લાહ પાસે દસ પુત્રોની માગણી કરી હતી અને તેમ થાય તો તેના બદલામાં એક પુત્રનું બલિદાન આપવાની બાધા રાખી હતી. દસ પુત્રો થયા ત્યારે કાબાના મંદિરમાં સૌથી નાના પુત્ર અબદુલ્લાના ભોગની ઇચ્છા દેવો પાસેથી જાણી. પરંતુ પોતાની અને કુટુંબીજનોની ઇચ્છાથી અબદુલ મુત્તલિબે દેવોને અબદુલ્લાના બદલામાં સો ઊંટનો ભોગ આપવાની મરજી દર્શાવી અને દેવોએ તેનો સ્વીકાર કર્યો.

આ અબદુલ્લાનું લગ્ન એક ખાનદાન કુટુંબની કન્યા અમીના સાથે થયું, પરંતુ લગ્ન બાદ એકાદ વર્ષમાં જ અબદુલ્લાનું અવસાન થયું. અબદુલ્લાના મૃત્યુ બાદ થોડા જ સમયમાં અમીના બીબીની કૂખે હજરત મહંમદ પયગંબરનો જન્મ થયો. આમ હજરત મહંમદ પયગંબરે જન્મ પૂર્વે જ પિતા ગુમાવ્યા. એમ માનવામાં આવે છે કે મહંમદ સાહેબનો જન્મ થયો ત્યારે પ્રકાશ ફેલાયો હતો અને ત્રણ ફિરસ્તાઓએ પ્રગટ થઈ દુઆ ઉચ્ચારી હતી.

અમીનાએ નાદુરસ્ત તબિયત અને તત્કાલીન રિવાજ અનુસાર હજરત મહંમદને ઉછેરવાનું કામ હવાઝીન કબીલાની સઆદ કુટુંબની એક સ્ત્રી હલીમાને સોંપ્યું. લગભગ બે વર્ષ સુધી મહંમદ

સાહેબને ઉછેર્યા. તે દરમિયાન એક ચમત્કાર એવો બન્યો કે દેવદૂત જીબ્રાઈલે હજરત મહંમદ રમતા હતા ત્યારે છાતીમાંથી એમનું હૃદય કાઢી સ્વર્ગના પવિત્ર જલથી એનું પ્રક્ષાલન કર્યું; એથી એવો સંકેત સમજાય છે કે હજરત મહંમદના હૃદયને મલિનતાથી મુક્ત થઈ વિશુદ્ધ થવાની પ્રેરણા પ્રાપ્ત થઈ. આ પ્રસંગથી સ્તબ્ધ થઈ, કદાચ શયતાનો આ બાળકને પરેશાન કરતા હોય એમ માની હલીમા મક્કા આવી. મહંમદ સાહેબને અમીનાબીબીને સોંપી ગઈ પરંતુ તે વખતે બાળક મહંમદને મક્કાનું પાણી માફક ન આવતાં હલીમા તેમને પાછી લઈ ગઈ.

મહંમદ સાહેબ છ વર્ષના થયા ત્યારે અમીનાબીબી પાસે પાછા આવ્યા પણ થોડા જ વખતમાં માતા, મદીના ગઈ ત્યારે તેનું મૃત્યુ થયું. મહંમદ સાહેબ નાનપણમાં પિતા અને માતાવિહોણા થઈ ગયા. એમના દાદા અબદુલ મુત્તલિબે એમની જવાબદારી ઉપાડી લીધી અને એમને પણ જ્યારે પોતાનું મૃત્યુ પાસે આવતું ભાસ્યું ત્યારે તેમણે પોતાના દીકરા, મહંમદ સાહેબના કાકા; અબુ તાલિબને એમની જવાબદારી સુપરત કરી. અબુ તાલિબે એ જવાબદારી ઉત્તમ રીતે નિભાવી. મૃત્યુ પૂર્વે અબદુલ મુત્તલિબે ભવિષ્ય ભાખ્યું હતું કે મહંમદ આખી કોમને ઉજાળશે.

દાદાના નિધન પશ્ચાત્ મહંમદ સાહેબ કાકા સાથે રહેવા લાગ્યા અને નાનુંમોટું ધંધાકીય કામ કરવા લાગ્યા. અરબ છોકરાઓની જેમ તેઓ બકરીઓ ચરાવવા જતા પરંતુ હજરત મહંમદને વાંચવા-લખવાની રીતસરની તાલીમ મળી ન હતી. કાકા અબુ તાલિબ સાથે તેઓ અનેક કામકાજનો અનુભવ લેવા લાગ્યા અને

વિવિધ પ્રસંગોમાં એમનું પ્રેમ અને દયાથી આર્દ્ર વ્યક્તિગત પ્રગટ થવા લાગ્યું. તેમની પ્રેરણાથી લડાઈ અને અશાન્તિ દૂર થઈ. પ્રેમ અને દયાનું સામ્રાજ્ય આજુબાજુ વિસ્તરવા લાગ્યું. પીડિતો પ્રત્યે હમદર્દી અને સહાય તેઓ દાખવતા. તેઓ હંમેશાં સાચું બોલતા અને આચરતા, એથી એમની ખ્યાતિ અલઅમીન – શ્રદ્ધેય – વિશ્વાસુ – તરીકે ફેલાઈ. એક વાર અબદુલ્લા નામના એક વેપારી સાથી સાથે વેપારાર્થે કંઈ વાત કરી રહ્યા ત્યારે અબદુલ્લાએ, વચ્ચે કંઈ કામ આવી પડતાં મહંમદ સાહેબને કહ્યું કે હું હમણાં આવી વાતચીત પૂરી કરું છું; પણ અબદુલ્લા ત્રણ દિવસ સુધી ન આવ્યા. અને આવ્યા ત્યારે મહંમદ સાહેબ તેની રાહ જોતા તે જ સ્થળે થોભ્યા હતા.

ધીમે ધીમે મહંમદ સાહેબની પ્રતિષ્ઠા જામતી ગઈ અને ઘણા લોકો એમની સલાહ સ્વીકારવા લાગ્યા. પચીસ વર્ષની ઉંમરમાં તો હજરત મહંમદે મક્કાના સૌથી વિશ્વસનીય આદમી તરીકે પ્રશંસા પ્રાપ્ત કરી, લોકહૃદયમાં ગૌરવવંતુ સ્થાન દૃઢ કર્યું. દરમિયાન અબુ તાલિબના કુટુંબના સભ્ય તરીકે બકરાં ચરાવવાનું કે ધંધાર્થે સીરિયા જવાનું કામ પણ તેઓ કરતા. એક વાર અબુ તાલિબ સાથે સીરિયા ગયા ત્યારે એક સાધુએ મહંમદ મહાન પુરુષ થશે એવું ભવિષ્ય ભાખ્યું હતું અને અહીં યહૂદીઓ એને મારી નાખશે એવો ભય પણ દર્શાવ્યો હતો. પરંતુ સીરિયા જવાના અનુભવમાં સીરિયામાં વ્યાપક યહૂદી, ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મનો પ્રભાવ મહંમદ સાહેબ પર પડ્યો અને એ ધર્મોનાં સારાંનરસાં લક્ષણો એમણે વિચાર્યાં. એ ધર્મોની થયેલી અવનતિનો પણ એમને ખ્યાલ આવ્યો. વિવિધ ધર્મોની થયેલી

અધોગતિ અને તેના વિકૃત અનુસરણને જોઈ એમનું મન વ્યાકુળ અને વ્યથિત થઈ ગયું. ધર્મને નામે જ્ઞાનવિજ્ઞાનનાં દ્વાર બંધ થઈ ગયાં હતાં, તેમ જ ધર્મને નામે અત્યાચારો થતા હતા તેથી એમનું અંતઃકરણ દ્રવી ઊઠતું. અને એના ઉકેલનું ચિંતન કરતા એકાંતવાસ સેવતા. એમને એકાંતવાસ પ્રિય હતો. તેઓ કહેતા કે ''માનવીને રમતગમતમાં સમય બરબાદ કરવા માટે નહીં પણ અતિ ઉચ્ચ હેતુ માટે પેદા કરવામાં આવ્યો છે.''

અબુ તાલિબની સ્થિતિ સાધારણ હતી, કિન્તુ આ દરમિયાન મહંમદ સાહેબના જીવનમાં પરિવર્તન લાવનાર પ્રસંગ ઉપસ્થિત થયો. ખદીજા નામની મક્કાના એક ધનાઢ્ય વેપારીની વિધવાના વેપારના આડતિયા તરીકે કામ કરવાનો મહંમદ સાહેબને મોકો સાંપડ્યો. આ સમયે મહંમદ સાહેબે પોતાની સત્યનિષ્ઠા અને પ્રામાણિકતાથી ખદીજાને અત્યંત પ્રભાવિત કરી અને ખદીજાએ મહંમદ સાહેબ સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે મહંમદ સાહેબે તે સ્વીકાર્યો. આ વખતે મહંમદ સાહેબની ઉંમર ૨૫ વર્ષની અને ખદીજાની ઉંમર ૪૦ વર્ષની હતી.

સમય વીતતો ગયો તેમ તેમ મહંમદ સાહેબનાં પ્રભાવશાળી વ્યક્તિત્વનાં વિવિધ પાસાં પ્રગટતાં ગયાં. એમણે મક્કામાં આવતા પરદેશી યાત્રાળુઓનાં રક્ષણ માટે એક દળ તૈયાર કર્યું. એમણે ઝેદ નામના હબસી ગુલામને પોતાની પાસે એવી રીતે રાખ્યો કે જ્યારે ઝેદના પિતા એને મુક્ત કરી લેવા આવ્યા ત્યારે ખુદ ગુલામે મહંમદ સાહેબની પાસેથી છૂટા થવા ના પાડી. હજરત મહંમદ ત્રીસેક વર્ષના હતા ત્યારે કૉન્સ્ટેન્ટિનોપલના રાજાએ હિનીજ પર કબજો કરવા પ્રયાસ કર્યો ત્યારે મહંમદ

સાહેબની કુનેહથી તે રાજાની યોજના નિષ્ફળ ગઈ. બીજી એક વાર રોમના બાદશાહની એવી ચાલબાજી વ્યર્થ કરી દીધી. આમ સ્વાતંત્ર્યપ્રેમ, દેશભક્તિ, સમજદારી, ભાઈચારો, શાંતિપ્રિયતા, વિચારશક્તિ વગેરે ઉત્તમ ગુણો મહંમદ સાહેબના વ્યક્તિત્વમાં પ્રગટતા રહ્યા. એવામાં એમની કુનેહ, અગમચેતી અને તટસ્થતાનો એક પ્રસંગ બન્યો. કાબાના મંદિરમાં તિરાડ પડી હતી એટલે તેની મરામત થતી હતી. આ વખતે પવિત્ર પથ્થર 'હજરે-અસવદ'ને દીવાલમાં બેસાડવા માટે કુરેશી કબીલાનાં ચાર કુટુંબો વચ્ચે હક બાબત ઝઘડો થયો અને મહંમદ સાહેબને એનો તોડ કાઢવાનું સોંપાયું. એમણે એક ચાદર પાથરી પથ્થર તેના પર મૂકી ચારે કુટુંબના વડાને એક એક છેડો પકડી પથ્થર દીવાલ નજીક લાવવા કહ્યું અને આ રીતે પથ્થર છેક નજીક આવતાં મહંમદ પયગંબરે તેની અસલ જગ્યાએ ગોઠવી દીધો. આમ કુટુંબોની ભારે તારાજી એમણે બુદ્ધિપૂર્વક અટકાવી દીધી.

મહંમદ પયગંબરને એકાંતવાસ અત્યંત પ્રિય હતો એટલે વારંવાર મક્કામાં આવેલી ટેકરીઓની હીરાની ગુફામાં તેઓ જઈ બેસતા અને ચિંતન, મનન અને નિદિધ્યાસનમાં સમય વિતાવતા. તેમ જ ઉપવાસ, ઉજાગરા, ધ્યાન અને પ્રાર્થના કરતાં કેટલાય દિવસો કાઢી નાખતા. સાચા ધર્મના સંશોધન અર્થે અને વિપથગામી કોમના ઉદ્ધાર વિશે સતત વિક્ષુબ્ધ રહેતા. એમાંથી એમને સત્ય લાધવા માંડ્યું. એમની શ્રદ્ધા એકેશ્વરમાં દૃઢ થઈ. એમને સ્પષ્ટ ભાન થયું કે પોતાની કોમ અનેક દેવદેવી અને તેની મૂર્તિઓને અંધશ્રદ્ધાથી ભજે છે એટલે કુસંપ અને

વેરઝેર વ્યાપક છે. મહંમદ સાહેબે એક જ પરમાત્માની-અલ્લાહની-પૂજા દ્વારા સમગ્ર કોમ વચ્ચે ઐક્ય અને ભાઈચારો સ્થાપવાનો દૃઢ નિર્ધાર કર્યો. તેઓ આમ વિચારમગ્ન દશામાં એકાંતવાસ સેવતા હતા ત્યારે એક વાર એમને ઈશ્વરીય વાણીનો સાક્ષાત્કાર થયો. એ અવાજે એમને કહ્યું: ''ઊઠ અને તારા પ્રભુનો સંદેશો જગતને પહોંચાડ.'' વળી બીજી એક વાર એમને ત્રણ વાર 'જાહેર કર' એવી વાણી સંભળાઈ અને એમણે શું જાહેર કરવાનું તેના જવાબમાં વાણી સંભળાઈ કે, ''ખુદાના નામનું રટણ કર, જેણે દુનિયા પેદા કરી છે, જેણે પ્રેમથી માણસ બનાવ્યો છે, તું પઢ કે તારો પ્રભુ અતિશય દયાળુ છે, તેણે કલમ દ્વારા વિદ્યા શીખવી છે અને ઈન્સાનને એ બતાવ્યું છે કે જે તે જાણતો નહીં હતો.'' આ દૈવી વાણી જિબ્રાઈલ નામના ફિરસ્તા દ્વારા ખુદાએ મોકલી હતી. આ આવેલ પયગામને 'વહી' કહેવાય છે અને તે આયતો રૂપે કુરાનમાં સંગૃહીત થયેલી છે. કુરાનની આ પાંચ આયતો વહી રૂપે મહંમદ સાહેબ પર સૌ પ્રથમ આવી હતી. જ્યારે આવી દિવ્ય વાણીનો એમને સાક્ષાત્કાર થયો ત્યારે તેઓ સંભ્રમમાં પડ્યા અને આ કોઈ ઉન્માદ અવસ્થામાં તો નથી થયું તે જાણવા પોતાની પત્ની ખદીજા પાસે ગયા જે એમની સમગ્ર પ્રવૃત્તિની સાક્ષી અને સાથી હતી. અને ગભરાટથી સર્વ પ્રસંગ અને વાણી કહી સંભળાવ્યાં. ખદીજાએ એમને સ્વસ્થ કર્યા અને કહ્યું કે આ તો આનંદની વાત છે, હું તમને ખુદાના પયગંબર માનીશ. તમે ગરીબો પર દયા રાખો છો, દુ:ખીઓને મદદ કરો છો, તમે સગાંઓ પર પ્રેમદૃષ્ટિ અને પડોશીઓ પર મહેરબાની નથી રાખતા ? તમે

હંમેશાં મહેમાનોનો સત્કાર કરો છો, વચનનું પાલન કરો છો અને સત્યનો આગ્રહ સેવો છો. આવા માણસને અલ્લાહ કેવી રીતે છોડે ?

આ દિવ્ય વાણીનો અનુભવ થતાં મહંમદ સાહેબ ખુદાના રસૂલ બન્યા, દેવો ફિરસ્તાઓ દ્વારા પોતાની વાણી પયગંબરોને પહોંચાડે છે અને પયગંબરો આ ફિરસ્તાઓ દ્વારા મળેલી અલ્લાહની વાણી અલ્લાહના બંદાઓને પહોંચાડે છે. અલ્લાહના હુકમ પ્રમાણે બંદાઓ વર્તે છે. બંદાઓ જીવે ત્યાં સુધી ખુદા એમના પર રહેમ કરે છે અને મૃત્યુ પામે છે ત્યારે એમના રૂહ(આત્મા)ને સલામી પહોંચાડે છે અને કયામત પછી એમને સ્વર્ગમાં લઈ જાય છે. અલ્લાહે ઘણા રસૂલ-પયગંબર મોકલ્યા છે પણ મહંમદ રસૂલોના પણ રસૂલ છે; અને છેલ્લા રસૂલ છે. મહંમદ દ્વારા અલ્લાહે પોતાની સમગ્ર વાત પ્રગટ કરી છે. મહંમદ આમ ખુદાનો પેગામ લઈને આવ્યા એટલે પયગંબર કહેવાયા. પેગામનો અર્થ થાય છે સંદેશો, બુરદન એટલે લઈ જવું, એ ક્રિયાના આજ્ઞાર્થનું રૂપ થાય છે બર; બરનો અર્થ થાય લઈ જા. આમ પેગામ + બર એ બે શબ્દ મળીને થાય છે પયગંબર.

આ પયગામ સાક્ષાત્કાર પ્રસંગે હજરત મહંમદ પયગંબરની ઉંમર ૪૦ વર્ષની હતી. ઈશ્વરે આ અને હવે પછી જે આદેશ મહંમદ સાહેબને આપ્યા તે બધા ‘કુરાન’ રૂપે અક્ષરબદ્ધ થયા. આ બે વાર વાણીના સાક્ષાત્કાર થયા પછી તેઓ મેલાંઘેલાં કપડાં પહેરી એક સફેદ ચાદર ઓઢી ઊંડા ચિંતનમાં નિમજ્જિત અવસ્થામાં પડી રહેતા. એવામાં વળી એક વાર પ્રભુવાણી

સંભળાઈ, "ચાદરમાં વીંટાયેલા, ઊઠ, લોકોને ચેતાવ; તારા પ્રભુના મહિમાનું વર્ણન કર, તારાં વસ્ત્ર સ્વચ્છ કર અને મલિનતાથી દૂર રહે; બીજાની સેવા કરી હોય તેને ઉપકાર તરીકે લેખાવીશ નહીં અને તારા પ્રભુને ખાતર ધીરજથી કામ લે." આ વાણીના અનુભવ પછી મહંમદ પયગંબરે રીતસર પોતાને પ્રાપ્ત થયેલ ધર્મ પ્રબોધવા માંડ્યો. એમણે ઉપદેશ કર્યો. તેમાં મુખ્યત્વે માણસે સત્કર્મો કરવાં, માણસનાં કર્મો પ્રમાણે તેને બદલો મળે છે; અનેક દેવદેવીઓને છોડીને માત્ર એક અને અદ્વિતીય નિરાકાર પરમાત્માને ભજવા, એને માટે કોઈ મૂર્તિઓ બનાવવી નહીં, એકતા, ઊંચનીચના ભેદ ભૂલી બધા સાથે ભાઈચારાથી વર્તો, પ્રેમ અને દયા રાખો; દારૂ, જુગાર, વ્યભિચાર ત્યજો, છોકરીઓની હત્યા ન કરો, બૂરું કરનારનું પણ ભલું કરો; વગેરે મહંમદ સાહેબ પ્રસ્થાપિત ઈસ્લામ ધર્મના આદેશો હતા. ઈસ્લામ એટલે શરણે જવું અને જે શરણે જાય છે તે મુસલમાન. મુસલમાન અલ્લાહ એક છે અને મહંમદ એના રસૂલ છે એમ સ્વીકારે છે. પ્રથમ મુસલમાન થનારાઓ પાંચ જણ હતા. મહંમદ પયગંબરનાં પત્ની ખદીજાબીબી, એમનો એક ગુલામ ઝેદ, એમના કાકાનો નાનો પુત્ર અલી, મક્કાના બે સદ્‌ગૃહસ્થો અબુબકર અને ઉસ્માન. મહંમદ સાહેબે પોતાના કુટુંબને અને મક્કાના લોકોને આ નવા ધર્મનો બોધ આપવા માંડ્યો. મક્કાની ટેકરી પર લોકોને ભેગા કરી મહંમદે આ નવા ધર્મનો અનુરોધ શરૂ કર્યો ત્યારે કોઈએ એમની વાત સ્વીકારી નહીં. એમની અલઅમીન તરીકેની પ્રતિષ્ઠા હતી છતાં પણ ધર્મની બાબતમાં એમના પર કોઈને વિશ્વાસ ન બેઠો. તેઓ

જ્યારે ઉદ્‌બોધન કરતા ત્યારે લોકો મશ્કરી કરતા, પથ્થર મારતા અને અનેક રીતે પરેશાન કરતા. કાબાના મંદિરનાં ૩૬૦ દેવીદેવતાઓ ઉપર મક્કાનાં કેટલાંક કુટુંબોનો આધાર હતો એટલે એની પૂજાથી કોઈ વિચલિત થવા માગતું ન હતું. મક્કામાં અત્યંત વર્ચસ્વ ધરાવતા કુરેશીઓ મહંમદની વિરુદ્ધ થઈ ગયા અને મહંમદ સાહેબ પર અને એમને સાથ આપે કે એમનો પ્રબોધિત ધર્મ સ્વીકારે તેના પર ત્રાસ ગુજારવા લાગ્યા. જેમણે આ ધર્મ સ્વીકારી મહંમદને ખુદાના રસૂલ માન્યા તેમને પડતા ત્રાસને કારણે તેમણે ઈથિયોપિયા જઈને આશ્રય લેવો પડ્યો; એમાં અલીનો મોટો ભાઈ જાફર પણ હતો. ઈથિયોપિયાના સમ્રાટે આવેલા મુસ્લિમોને નવા ધર્મ વિશે પ્રશ્નો પૂછ્યા અને જાફરે એવા જવાબ આપ્યા કે સમ્રાટ અત્યંત પ્રભાવિત થયા અને સન્માનપૂર્વક આશ્રય આપ્યો. અને કુરેશીઓની સમ્રાટને પહોંચેલી મુસ્લિમ વિરુદ્ધ ચડવણીનો પણ કોઈ અર્થ સર્યો નહીં. મક્કામાં મહંમદ પયગંબર પર કુરેશીઓએ અનેક આક્ષેપો મૂક્યા પણ મહંમદ સાહેબ નિર્ભય રીતે પોતાના ધર્મ અને ધર્મોપદેશના માર્ગમાં અડગ રહ્યા. છેવટે કુરેશીઓએ નવા ધર્મની વાત પડતી મૂકવાની શરતે એમને સરદારનું પદ અર્પી, ધનવાન બનાવવાની લાલચ પણ દર્શાવી એમ છતાં મહંમદ સાહેબ કોઈ પ્રલોભનને વશ થયા નહીં. એમણે તો જણાવ્યું કે, ''મારે નથી જોઈતું ધન કે રાજ્ય, હું તો કેવળ મારા ખુદાનો સંદેશો તમને સંભળાવવા આવ્યો છું.'' જ્યારે ખુદા સાથે એટલો સંબંધ એમનો છે કે તેમને સંદેશો આપે તેના દાવારૂપે કુરેશી લોકોએ મહંમદ સાહેબને કોઈ ચમત્કાર બતાવવાનું કહ્યું. ત્યારે એમણે કહ્યું,

''અલ્લાહના ગુણ ગાઓ, મારા પહેલાં પણ અલ્લાહે જેટલા પયગંબરો મોકલ્યા હતા તે મારી અને તમારી માફક જ ખાતા, પીતા અને શેરીઓમાં ફરતા હતા.'' અર્થાત્ મહંમદ સાહેબ કોઈ ચમત્કારમાં માનતા ન હતા અને એમણે ક્યારે પણ કોઈ ચમત્કાર કરી શકવાનો દાવો કર્યો નથી. એમણે હંમેશાં એમ જ કહ્યું છે કે, ''ઈશ્વર સર્વશક્તિમાન છે અને એણે ધાર્યું હોય તેમ જ બધું થાય છે. ઈશ્વરની ઇચ્છાને શરણે જાઓ. મારો પોતાનો લાભ-ગેરલાભ પણ મારા હાથમાં નથી.''

કુરેશીઓએ છેલ્લા ઉપાય તરીકે મહંમદ સાહેબના કાકા અબુ તાલિબને પોતાના ભત્રીજાને નવા ધર્મનો પ્રચાર કરતા અટકાવવાનું કહ્યું. પરંતુ અબુ તાલિબે મહંમદ સાહેબને કહ્યું ત્યારે મહંમદ સાહેબે જણાવ્યું કે, ''લોકો મારા જમણા હાથમાં સૂરજ અને ડાબા હાથમાં ચંદ્ર મૂકે તોપણ અલ્લાહનો હુકમ છે ત્યાં સુધી હું મારા સંકલ્પમાંથી ચલિત થઈશ નહીં.'' અબુ તાલિબ ભત્રીજાની નિષ્ઠાથી પ્રભાવિત થયા અને પોતે મુસ્લિમ થયા ન હતા પણ મહંમદની ધર્મપ્રવૃત્તિમાં એમનો મૌન સહકાર હતો. ઉમર નામના એક બળવાન મક્કાવાસી જુનવાણી વિચારના અને મહંમદ સાહેબના કટ્ટર વિરોધી હતા. તે મહંમદ સાહેબને મારવા નીકળ્યા ત્યારે ખબર પડી કે એમનાં પોતાનાં બહેન-બનેવી મુસલમાન થઈ ગયાં છે. આથી તે પહેલાં બહેન બનેવીને મારવા ધસ્યો. પરંતુ ઉમર બનેવીને જમીન પર પાડી નાખી મારવા તૈયાર થયો ત્યારે પણ બહેન કે બનેવી પોતાની ધર્મ વિશેની આસ્થામાંથી ડગ્યાં નહીં. ઉમરે બાજુમાં પડેલા કુરાનની આયતો વાંચી અને એટલા સ્તબ્ધ થયા કે મુસ્લિમ ધર્મ

સ્વીકારી લીધો. થોડા વખત પછી મહંમદ સાહેબના એક કાકા હમઝા પણ મુસ્લિમ થયા.

ઈશ્વરીય વાણીના સાક્ષાત્કાર પછી ૧૦-૧૨ વર્ષ એમને એમની કોમ સાથે ઘણો સંઘર્ષ વેઠવો પડ્યો. એમણે અપમાન, મુસીબતો, ધમકીઓ વગેરે અત્યંત ધીરજપૂર્વક સહન કર્યાં અને એમની શ્રદ્ધા અને ધીરજની કસોટી પણ તીવ્રરૂપે થઈ. એમની ૫૦ વર્ષની ઉંમરે એમના કાકા અબુ તાલિબનું અવસાન થયું અને ત્યાર પછી ગણતરીના દિવસોમાં જ એમની સહધર્મચારિણી અને જીવનસંગિની-ખદીજાબીબીનું પણ અવસાન થયું. મહંમદ સાહેબને માટે આ બંને મૃત્યુના આઘાત દુસહ્ય હતા. અબુ તાલિબ મુસલમાન થયા ન હોવા છતાં મહંમદની બધી પ્રવૃત્તિઓના સહાનુભૂતિભર્યા સાક્ષી હતા. ખદીજાબીબી તો એમનાં જીવનનો મુખ્ય આધાર હતાં. મહંમદને ખુદાના પયગંબર તરીકે એણે જ પહેલા સ્વીકાર્યા હતા. એમનું ખદીજા સાથેનું લગ્નજીવન સુખી અને સમૃદ્ધ હતું. ખદીજાના મૃત્યુ સુધી એમણે અરબોમાં બહુ પત્નીત્વ અત્યંત પ્રચલિત હતું છતાં બીજું એકે લગ્ન કર્યું ન હતું. વળી એમણે ખદીજાના મૃત્યુ બાદ કહ્યું હતું કે, ''ખુદા જાણે છે કે ખદીજા કરતાં વધારે ભલી કે દયાળુ જીવનસંગિની કદી કોઈ થઈ નથી. . . . લોકો મને જૂઠો કહેતા હતા ત્યારે તેણે મારા પર વિશ્વાસ રાખ્યો. દુનિયા જ્યારે મારી વિરુદ્ધ હતી અને મને દુ:ખ દેતી ત્યારે તેણે મને નિષ્ઠાપૂર્વક સાથ આપ્યો.'' મહંમદ સાહેબની મહાનતામાં આમ ખદીજાબીબીનો મહત્ત્વનો ફાળો છે.

કાકા અને પત્નીના સહારા વગર મક્કામાં મહંમદ પયગંબરનું

રહેવું દુષ્કર થઈ પડ્યું. આથી તેઓ મક્કાથી ૬૦ માઈલ દૂર તાયફ નામના સ્થળે પોતાના અનુયાયી ઝેદને લઈને ગયા પરંતુ ત્યાં પણ લોકોએ એમને અપમાનિત કરી કાઢી મૂક્યા. આથી તેઓ થોડો સમય વનમાં ઝેદ સાથે છુપાઈ રહ્યા પછી મક્કામાં એક ઘર માગીને રહ્યા. પરંતુ મક્કાના લોકોના ત્રાસના ભયે તેઓ માત્ર પવિત્ર શાંતિના ચાર માસના સમયમાં જ બહાર નીકળતા અને તે વખતે આવતા યાત્રાળુઓમાં જ નવા ધર્મનો ઉપદેશ કરતા. એવામાં એક વાર મક્કાથી ૨૮૬ માઈલ દૂર આવેલા યશરબ નગરના રહેવાસીઓ મક્કાની જાત્રા કરવા આવ્યા. તેમણે મહંમદનો આ ઉપદેશ સાંભળ્યો. મહંમદના આચારવિચારથી પ્રભાવિત થયા. તેમણે યશરબ જઈ પોતાના નગરબંધુઓમાં નવા ધર્મ અને મહંમદ સાહેબ વિશે વાત કરી. બીજે વર્ષે બીજા કેટલાક યશરબવાસીઓ મક્કા આવ્યા અને મહંમદનો ઉપદેશ સાંભળી ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો.

તેમણે ઈશ્વર સિવાય બીજા કોઈની પૂજા નહીં કરવાની, ચોરી ન કરવાની, બાળકોની હત્યા ન કરવાની એવી 'અકબાની પ્રથમ પ્રતિજ્ઞા'ને નામે ઓળખાતી શરતો સ્વીકારી કારણ કે આ ઉપદેશ એમણે અકબાની ટેકરી પર મહંમદ સાહેબ પાસે સાંભળ્યો હતો.

મહંમદ સાહેબે પોતાના વિશ્વાસુ માણસ મુસઅબને ધર્મપ્રચારાર્થે યશરબના લોકોની ઈચ્છાનુસાર યશરબ મોકલ્યો. મુસઅબની નિખાલસતા અને કુનેહને પરિણામે ઘણા ઉદ્દામ સ્વભાવના માણસોએ પણ ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો. અને પછી તો યશરબવાસી ઈસ્લામીઓએ અકબાની બીજી પ્રતિજ્ઞા નામે

ઓળખાતી ''અમે યશરબમાં પયગંબર અને તેમના સાથીઓનું અમારાં કુટુંબીજનોની માફક રક્ષણ કરશું'' શરત સ્વીકારી મહંમદ સાહેબને યશરબ આવવા માટે વિજ્ઞપ્તિ કરી. યશરબના લોકો મક્કામાં મહંમદ પર થતા જુલમ જાણતા હતા અને એમાંથી યશરબવાસીઓએ એમને મુક્ત કરવા હતા તેમ મહંમદ સાહેબને પણ પોતાના ધર્મના પ્રચાર અને પ્રસાર માટે યશરબ જવાની ઇચ્છા હતી.

મક્કાના કુરેશીઓને જ્યારે માહિતી મળી કે મહંમદ યશરબ જવાના છે ત્યારે, ત્યારે ત્યાં એમની સંભવિત સફળતા અને શક્તિના ભયે મહંમદ સાહેબ યશરબ જાય તે પૂર્વે એમનું ખૂન કરવાનો નિર્ણય કર્યો. તેમ કરવાને કેટલાક લોકો રાત્રે મહંમદ સાહેબના મકાનની બહાર ઊભા રહ્યા. મહંમદ સાહેબને આ વાતની ખબર પડી એટલે પોતાની જગ્યાએ અલીને સુવાડી પાછલી બાજુથી અબુબકરને ઘેર જઈ એમની સાથે યશરબ જવા નીકળી ગયા. તેઓ આરંભમાં મક્કાથી ત્રણ માઈલ દૂર આવેલા ડુંગરની ગુફામાં સંતાયા. કુરેશીઓ સવારે એમને શોધતા એ ગુફાના દ્વાર સુધી આવ્યા ત્યારે અબુબકરે કહ્યું કે એ લોકો ઘણા છે અને આપણે માત્ર બે જ છીએ ત્યારે મહંમદ સાહેબે નીડરપણે કહ્યું કે, 'આપણી સાથે ત્રીજા અલ્લાહ છે.' કુરેશીઓ ગુફાના દ્વાર સુધી આવ્યા પણ ગુફાના દ્વાર પર કરોળિયાનાં જાળાં જોયાં અને અંદર કોઈ હોઈ શકે નહીં એમ માની ચાલી ગયા.

આ દરમિયાન કુરેશીઓએ મહંમદ સાહેબને જીવિત કે મૃત અવસ્થામાં હાજર કરનાર માટે મોટું ઇનામ જાહેર કર્યું પણ મહંમદ અને અબુબકર સુરક્ષિત રીતે યશરબ પહોંચી ગયા. ત્યાં

તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. મહંમદ સાહેબનો મક્કાથી યશરબનો આ પ્રવાસ હિજરત કહેવાય છે જે ઈ. સ. ૬૨૨માં થયો. ત્યારથી મુસ્લિમોની વર્ષ ગણતરી-હિજરી સન-નો આરંભ થાય છે. યશરબવાસીઓ મક્કામાં મહંમદની વાણીથી અત્યંત પ્રભાવિત થયા હતા. તેમણે ત્યાં કહ્યું હતું કે, ''ખરો ઈસ્લામી એક જ અલ્લાહમાં માને છે, ચોરી કરતો નથી, જૂઠું બોલતો નથી, પોતાની દીકરીઓની હત્યા કરતો નથી, ખરો ઈસ્લામી એ છે કે જે ખુદાના પયગંબરનાં વચનો માથે ચડાવે છે.'' મહંમદ સાહેબનાં આ વચનો યશરબવાસીઓએ અમલમાં મૂકવાનો પ્રયાસ આદર્યો. મહંમદ સાહેબ યશરબ આવ્યા ત્યારથી યશરબવાસીઓએ પોતાના શહેરનું નામ બદલી મહંમદ સાહેબની સ્મૃતિમાં 'મદીના' - ખુદાના રસૂલનું નગર - કરી નાખ્યું.

મહંમદ સાહેબને દિવ્ય વાણીનો સાક્ષાત્કાર પ્રથમ થયો અને તેઓ યશરબ આવ્યા તે વચ્ચેનાં વર્ષો મક્કામાં મહંમદ સાહેબ માટે કપરાં હતાં. એ ૧૨-૧૩ વર્ષના ગાળામાં ત્રણસો જેટલા માણસોએ જ એમનો ધર્મ સ્વીકાર્યો હતો. અને તેમાંના સો જેટલા માણસો તો મક્કામાં પડતા ત્રાસને કારણે ઈથિયોપિયા ચાલ્યા ગયા હતા તે હતા. પણ મદીના આવ્યા પછી મહંમદ સાહેબનો સમગ્ર રીતે ચડતો યુગ હતો. મદીનામાં એમણે પ્રાર્થના કરવા માટે ઈંટ, ગારા અને ખજૂરીનાં તાડછાંની એક મસ્જિદ બાંધી. નીતિ અને ભાઈચારાનો ઉપદેશ આપવા માંડ્યો. આ વખતે મદીનામાં ખ્રિસ્તી અને યહૂદી ધર્મ પાળનારની પણ સંખ્યા હતી, તેમની સાથે પણ સલાહસંપથી

રહેવા સૌને પ્રબોધ્યું. મહંમદ સાહેબના આ ઉપદેશથી જુદા જુદા કબીલાઓનાં વર્ષો જૂનાં વેર શમી ગયાં. મદીનામાં મહંમદને હાકેમ તરીકે ચૂંટવામાં આવ્યા. બીજા ધર્મના લોકોએ પણ આમાં ટેકો આપ્યો. એટલે મદીનાનો રાજ્યવહીવટ પણ મહંમદ સાહેબના હાથમાં રહ્યો. મહંમદ આમ મદીનામાં રાજા જેવું સ્થાન પામ્યા. એમણે અત્યંત ઉદારતા, પ્રેમ, સહિષ્ણુતા અને વિનમ્રતાના ગુણો પોતાના શાસનકાળ દરમિયાન દાખવ્યા. ખ્રિસ્તી કે યહૂદી ધર્મના અનુયાયીઓને કોઈ પણ મુશ્કેલી ન આવે એ રીતે એમણે સર્વ મુસલમાનોને વર્તવા કહ્યું. એટલું જ નહીં પણ યહૂદી અને ખ્રિસ્તી દેવળોના સમારકામ માટે મદદ આપવા પણ એમણે મુસલમાનોને અનુરોધ કર્યો. એમણે ધર્મ કે જાતિભેદ ન રાખતાં સૌને મદીનામાં એક કોમ, એક રાષ્ટ્ર અને એક પ્રજા તરીકે લેખાવ્યા. મદીનામાં તેઓ હાકેમ કે સત્તાધીશ તરીકે ક્યારે પણ ક્રૂર બન્યા નથી. ગરીબો પર તેઓ ખૂબ હમદર્દી ધરાવતા. તેઓ હંમેશાં સંયમપૂર્વક વર્તતા અને બીજાને તે પ્રમાણે વર્તવા કહેતા. તેમણે ઉત્તમ મુસલમાનોનું એક લક્ષણ સંયમ ગણાવ્યું. ધર્મમાં તેમણે જબરજસ્તીને બદલે સમજાવટથી કામ લેવાનું કહ્યું. અને તેમ છતાં કોઈ ન સમજે તો નિષ્કામભાવ સેવવાનું શીખવ્યું. એમણે દરેક બાબતમાં ખુદાની ઈચ્છાને વશ વર્તવાનો આદેશ આપ્યો. તેમણે કહ્યું, ''તારો પ્રભુ ઈચ્છત તો ખરેખર જગતના સૌ લોકો એક વિચારના બની જાત તો પછી બધાને તારી જ વાત મનાવવા માટે શું તું કોઈ પર જબરજસ્તી કરશે?'' મહંમદ સાહેબ પોતે પણ ક્યારેય જબરજસ્તી કરતા નહીં. તેમણે કહ્યું, ''ધર્મની બાબતમાં કોઈ પણ પ્રકારની

જબરજસ્તી ન હોવી જોઈએ. . . . અલ્લાહ અને તેના પયગંબરનું કહેવું માનો ન માનો તો તમારી મરજી. પયગંબરનું કામ કેવળ ચોખ્ખેચોખ્ખું કહી દેવાનું છે.'' એમણે દગો કરનારને માફી આપવાનું અને બૂરું કરનારનું પણ ભલું કરવાનું કહી જણાવ્યું કે ઉપકાર કરનારા ઉપર પ્રભુ પ્રેમ રાખે છે. મહંમદ સાહેબની ધર્મપ્રચારની પદ્ધતિ સાદી, સરળ અને સ્વાભાવિક હતી. એમણે બધા પયગંબરો સાચા છે એમ પણ જણાવ્યું. મદીનામાં રહીને એમણે જુદે જુદે સ્થળે ધર્મપ્રચારકો મોકલ્યા. તેમને પણ સ્પષ્ટપણે પ્રામાણિકતા, ભલમનસાઈ, રહેમ અને પ્રેમ દાખવવા કહ્યું.

મહંમદ સાહેબે રક્ષણ માટે જ હથિયાર સજવાનું ઉદ્‌બોધન કર્યું. એમણે અધર્મીઓનો નાશ અલ્લાહની યોજનામાં છે એમ જણાવ્યું. એમણે લડે તેની સાથે લડવાનું, લડાઈ માટે તિરસ્કાર રાખીને લડવાનું, પહેલી લડાઈ શરૂ કરનારા સાથે લડવાનું, સ્ત્રીબાળકોના રક્ષણાર્થે લડવાનું અને મર્યાદામાં રહીને લડવાનું યોગ્ય માન્યું છે. લડાઈ ખાતર લડાઈ, વેરઝેર માટે લડાઈ, ધર્મ માટે લડાઈ એમણે ઉચિત લેખી નથી, લોકો પર એમના ઉપદેશની ઘેરી અસર થઈ. મદીનાના લોકો એને ખુદાના રસૂલ તરીકે માન આપવા લાગ્યા.

એ એક એવા રસૂલ હતા જેમની પાસે રાજકીય સત્તા હતી; એ રીતે તેઓ હજરત મૂસા અને ભગવાન ઈશુથી અલગ પડે છે. મદીનામાં આમ મહંમદ સાહેબને ઘણી સફળતા મળી. તેઓ રાજકારભાર સમાલતા છતાં તેમની રહેણીકરણી સાદી હતી. બીજા દેશના રાજા કે હાકેમો એમને મળવા આવતા ત્યારે કોઈ

પણ પ્રકારનો આડંબર કરતા નહીં. પોતે હંમેશાં નીચા આસને બેસતા. એમણે મદીનાને થોડા સમયમાં આદર્શ રાજ્ય અને ધર્મસ્થાન બનાવ્યું. પણ મહંમદ અને મદીનાની વધતી જતી રાજકીય અને ધાર્મિક પ્રતિષ્ઠાને કારણે મક્કાના કુરેશી લોકો ઉશ્કેરાયા. તેમણે મક્કામાં રહેતા મુસલમાનોને વધુ ત્રાસ આપવા માંડ્યો અને મદીનાના મુસલમાનોનાં ઢોરો ચોરીને પરેશાન કરવા માંડ્યા. પણ આથી કાંઈ ન વળતાં હજારેક કુરેશીઓએ મદીના પર હુમલો કર્યો. બદ્ર આગળ લડાઈ થઈ. મહંમદ સાહેબ માત્ર ત્રણસો જેટલા માણસો લઈ રક્ષણાર્થે કુરેશીઓ સાથે લડ્યા અને જીત્યા. મોટા ભાગના કુરેશીઓ નાસી ગયા. કેદ પકડાયેલા કુરેશીઓ સાથે મહંમદ સાહેબે સારો વર્તાવ રાખ્યો. મોટા ભાગનાને ફરી લડાઈ ન કરવાનું વચન લઈ છોડી મૂક્યા અને કેટલાકને મદીનામાં સારી રીતે રાખી અભણ માણસોને શિક્ષણ આપવાનું કામ સોંપ્યું અને પછી છોડી મૂક્યા. એ રીતે મહંમદ સાહેબ વિચારશીલ કેળવણીકાર પણ હતા. બદ્રની લડાઈથી મુસલમાનોમાં મહંમદ સાહેબ અને ઈસ્લામ ધર્મ પર શ્રદ્ધા દઢ થઈ. ધર્મને ખાતર બલિદાનની ભાવના પણ પ્રગટ થઈ.

બે વર્ષ બાદ મહંમદ સાહેબ અને ઈસ્લામ ધર્મના કટ્ટર શત્રુ અબુ સુફિયાનની સરદારી હેઠળ ત્રણ હજાર કુરેશીઓ મદીના પર હુમલો લઈ આવ્યા. આ વખતે ઓહદની ટેકરી આગળ લડાઈ થઈ. તેમાં અબુબકર, ઉમર અને અલી ઘવાયા અને ખુદ મહંમદ સાહેબને પણ ઈજા થઈ. આમ તો લડાઈમાં કુરેશીઓ જીત પર હતા પણ પૂરું લડી શક્યા નહીં અને લૂંટફાટ કરી નાસી

ગયા. એમણે જે મુસ્લિમો પકડ્યા હતા તેમને ખૂબ દુ:ખી કર્યા. આથી મુસલમાનોમાં બદલાની ભાવના જાગી ત્યારે પણ મહંમદ સાહેબે તો એમ જ કહ્યું, ''તમે બદલો લો તો તમને જેટલું નુકસાન કરવામાં આવ્યું હોય તેટલો જ બદલો લો; પરંતુ તમે જો ધીરજથી સહન કરી શકો તો તો સહન કરનારાઓ માટે સૌથી વધુ સારું છે.'' મદીનાની આજુબાજુ વસતાં અરબ કુટુંબોને કુરેશીઓએ મહંમદ સાહેબ વિરુદ્ધ ઉશ્કેરવા માંડ્યાં. આથી મહંમદ સાહેબે રક્ષણ માટે સતત લડાઈઓ કરવી પડી. પણ જે કોઈ માણસો લડવા જતા તેમને મહંમદ સાહેબ કપટ ન કરવાનો, બાળકોની હત્યા ન કરવાનો, બીમારોને ત્રાસ ન આપવાનો, લડાઈમાં ન જોડાયા હોય તેવાનાં ઘર ન ભાંગવાનો, રોજગારીનાં સાધનો અને વૃક્ષોનો નાશ ન કરવાનો, ખજૂરીને ન તોડવાનો - વગેરે ઉપદેશ આપતા. મહંમદ સાહેબને છેવટની હાર આપવાના ઈરાદાથી અબુ સુફિયાને દસેક હજાર માણસો લઈ મદીનાને ઘેરો ઘાલ્યો. મુસલમાનોએ મદીનાની આજુબાજુ ખાઈ ખોદીને રક્ષણ કર્યું. એમાં મહંમદ સાહેબ પણ ખાઈ ખોદવા લાગ્યા. ખાઈ પૂરી ખોદાઈ ન હતી ને દુશ્મનની ફોજ મદીના પર આવી ગઈ. ખંડકની લડાઈ થઈ. આ લડાઈ વીસ દિવસ ચાલી અને કુરેશીઓને ભાગી જવું પડ્યું. ત્યાર પછી કુરેશીઓએ મદીના પર ચડાઈ કરવાની હિંમત કરી નહીં. મહંમદ સાહેબ અને મુસલમાનોનો આમ વિજય થયો.

મદીનામાં આરંભમાં યહૂદીઓ મહંમદને માન આપતા પણ પછી તેમના ધર્મ કરતાં મહંમદને અને ઈસ્લામ ધર્મને વધુ સફળતા મળે એ ભયથી મુસ્લિમોનો વિરોધ કરવા લાગ્યા.

કેટલાક કુરેશીઓ સાથે મળી જઈ દગો પણ કરતા. કેટલાક બહારથી મુસલમાનો હોવાનો ડોળ કરનારા મુનાફીકો પણ બેવડી ચાલ ચાલતા. યહૂદીઓ આવા લોકોનો મુસ્લિમ વિરુદ્ધ ઉપયોગ કરતા. આથી મહંમદ સાહેબ અને મુસ્લિમોએ યહૂદીઓ સાથે પણ સંઘર્ષમાં ઊતરવું પડ્યું. યહૂદીઓ અને ખ્રિસ્તીઓના કેટલાક પયગંબરો મુસ્લિમ ધર્મના પયગંબરો છે. છતાં ઘણી વાર આ સૌ સલાહસંપથી ન રહી શક્યા. પણ છેવટે આ સંઘર્ષમાં પણ મહંમદ સાહેબ ફતેહ પામ્યા. હવે મહંમદ સાહેબ પોતાના કેટલાક માણસો સાથે મક્કા કાબાના દર્શનાર્થે ગયા. તેઓ હથિયાર વગર અને લીલા રંગનાં વસ્ત્રો પહેરીને ગયા હોવા છતાં કુરેશીઓએ મક્કામાં એમના ઉપર હુમલો કર્યો. પણ મુસ્લિમોએ ૮૦ જેટલા કુરેશીઓને પકડી મહંમદ સાહેબ આગળ રજૂ કર્યા. મહંમદ સાહેબે ઉદારતા દાખવી એમને છોડી દીધા. આની કુરેશીઓ ઉપર સારી અસર થઈ અને બંને પક્ષો વચ્ચે હુબેદિયાની સુલેહ થઈ. એમાં કુરેશીઓને દેખીતો ફાયદો થતો હતો તે મહંમદ સાહેબે સ્વીકાર્યો. એની શરત પ્રમાણે મક્કાની હજ બીજે વર્ષે કરવાનું નક્કી કરી પોતાના માણસોને લઈ મહંમદ સાહેબ મદીના ચાલ્યા ગયા. બીજે વર્ષે ઈ. સ. ૬૨૯માં એટલે કે મહંમદ સાહેબની ઉંમર ૫૯ વર્ષની હતી ત્યારે મક્કાની યાત્રા કરવા ૨,૦૦૦ મુસલમાનોને લઈને આવ્યા.

હવે મહંમદ સાહેબ સમક્ષ ત્રણ ધ્યેય હતાં. એક તો મક્કાને બુતપરસ્તીથી મુક્ત કરવું, બીજું યહૂદીઓ સાથે મેળ કરવો અને ત્રીજું ખ્રિસ્તી અને પારસી ધર્મમાં પણ જે દુરાચાર પ્રવેશ્યો હતો તેને કારણે તેમના પ્રદેશોમાં રહેતા અરબોને મુસ્લિમ ધર્મના પાઠ

શીખવી પવિત્રતા તરફ દોરવા. યહૂદીઓ દગો કરતા અને મુસ્લિમોને રંજાડતા, આથી મહંમદ સાહેબે યહૂદીના ગઢ ખૈબર પર ચડાઈ કરી અને જીત મેળવી. યહૂદીઓએ સુલેહ કરી મહંમદ સાહેબના હાકેમપણા હેઠળની મદીનાની રાષ્ટ્રીય સરકારને સ્વીકારી. મહંમદ સાહેબે યહૂદીઓને પોતાનો ધર્મ પાળવાની છૂટ અર્પી. આ વખતે એક યહૂદી સ્ત્રીએ દગાથી મહંમદ સાહેબ અને એના શાગિર્દને ખાવામાં ઝેર આપ્યું. મહંમદ સાહેબ બચી ગયા પણ એમનો એક સાથી મૃત્યુ પામ્યો. આથી યહૂદી સ્ત્રીને મોતની સજા કરવામાં આવી. મહંમદ સાહેબ પર પણ આ ઝેરની ખરાબ અસર થઈ. તેમની તબિયત કથળતી ગઈ. પણ એકંદરે યહૂદીઓ સાથેનો ઝઘડો શમી ગયો. કુરેશીઓ સાથે પણ ઝઘડો શમી ગયો હોવાથી ઇથિયોપિયા ચાલી ગયેલા મુસલમાનો પણ પાછા ફર્યા. હવે ખ્રિસ્તી અને પારસી રાજ્યોમાં જે ધર્મ ખાતર ત્રાસ હતો તે તરફ મહંમદ સાહેબે ધ્યાન કેન્દ્રિત કર્યું.

ઈરાન અને રોમની સત્તાઓ આ સમયે બહુ ક્રૂર હતી. ત્યાં ધાર્મિક સ્વાતંત્ર્ય બિલકુલ ન હતું. મહંમદ સાહેબે ઈરાન, રોમ, ઇથિયોપિયા રાજ્યના સત્તાધીશોને ઇસ્લામ ધર્મ સ્વીકારવા અર્થે પત્રો મોકલી જોયા. એમાં ઇથિયોપિયાના બાદશાહે ઇસ્લામ ધર્મ સ્વીકાર્યો. મહંમદ સાહેબે અરબસ્તાનની આજુબાજુના પ્રદેશોમાં વસતા અરબોમાં મુસલમાન ધર્મનો પ્રચાર કરવા માટે દસ-વીસ માણસો મોકલવા માંડ્યા. પણ બધાને એક યા બીજી રીતે મારી નાખવામાં આવતા. અરબસ્તાનના ઇલાકાઓમાં અરબવસ્તીમાં માણસો મોકલવા પાછળ કોઈ રાજકીય ચાલ ન

હતી. છતાં આવું પરિણામ આવતું જોઈ મહંમદ સાહેબને રીતસર લડાઈ કર્યા વગર છૂટકો ન હતો. તેમણે પોતાના છૂટા કરેલા હબસી ગુલામ ઝેદની સરદારી હેઠળ એક ફોજ આજુબાજુનાં રાજ્યો તરફ મોકલી. એટલામાં કૉન્સ્ટેન્ટિનોપલના સમ્રાટના ભાઈ થિયોડોરસ એક મોટું સૈન્ય લઈ મુસલમાનોને કચડી નાખવાના હેતુથી ધસી આવ્યો. ઓછા માણસ હોવા છતાં અલ્લાહને ભરોસે, 'જીતીશું તો કીર્તિ અને મરશું તો તો સ્વર્ગ' પ્રાપ્ત કરશું એવી ભાવનાથી મુસ્લિમો લડ્યા. મૌતાનગર પાસે યુદ્ધ થયું. એમાં ઝેદ બિન હારસા, હજરત જાફર, અબદુલ્લા બિન સ્વાટા, એવા ત્રણ મુસલમાન સરદારો શહીદ થયા. છેવટે હજરત ખાલિદે સરદારી લીધી અને મોટા સૈન્યને હરાવ્યું. ઘણા મુસલમાનોએ આ ધર્મયુદ્ધમાં પ્રાણ ન્યોછાવર કર્યા. મહંમદ સાહેબે પોતાના ખાસ માણસો શહીદ થયા તેનો અત્યંત શોક કર્યો.

આમ તો કુરેશીઓએ સુલેહ કરી હતી પણ એનો ભંગ કરી ઘણા કુરેશીઓએ મદીનાની સરકારની રૈયત ગણાતા કબીલા પર હુમલો કર્યો. મહંમદ સાહેબે હવે ૧૦,૦૦૦ માણસોનું શસ્ત્રસજ્જ સૈન્ય લઈ મક્કા પર ચડાઈ કરી. અબુ સુફિયાન જે મુસલમાનોનો કટ્ટર શત્રુ હતો તે પકડાઈ ગયો પરંતુ મહંમદ સાહેબે તેને ક્ષમા આપી. આની ઘણી અસર અબુ સુફિયાન પર થઈ. હવે મહંમદ સાહેબે મક્કામાં અત્યંત શાંતિથી સૈન્ય સાથે પ્રવેશ કર્યો. મહંમદ સાહેબે આમ વિજય મેળવ્યો તેથી મક્કાવાસીઓમાંથી મોટા ભાગનાએ મદીનાની સરકારનો સ્વીકાર કર્યો. મહંમદ સાહેબે કાબાના મંદિરમાં પ્રવેશી મૂર્તિઓ દૂર કરી

અને માત્ર પવિત્ર કાબાનો પથ્થર ‘હજરે–અસવદ’ રહેવા દીધો. જે દિવસે આમ મંદિરમાં પ્રવેશ કર્યો તે દિવસે બપોરે મહંમદ સાહેબની આજ્ઞાથી બિલાલ નામના હબસીએ કાબાની છત પર ઊભા રહી લોકોને નમાજ પઢવા બોલાવ્યા. મહંમદ સાહેબે કાબા તરફ મુખ રાખી નમાજ પઢવા આદેશ આપ્યો હતો. તે પૂર્વે જેરુસલેમ તરફ મુખ રાખી નમાજ પઢવા કહેલું.

ઈ. સ. ૬૩૨માં છેલ્લી વાર એમણે મક્કાની યાત્રા કરી તે વખતે એમણે કહ્યું હતું કે, “હું પાછો અહીં (મક્કા) આવીશ કે નહીં તે ખબર નથી. માલમિલકત પવિત્ર વસ્તુ છે, દરેકનો યથોચિત એમાં ભાગ છે. એટલે વસિયતનામું કરવાનો અધિકાર કોઈને નથી. વેરઝેર ભૂલી જાઓ. તમારા માલિક તમારા કર્તવ્ય વિશે પૂછશે એટલે એ માટે સભાન રહો.” વળી મહંમદ સાહેબે કહ્યું, “હે માલિક મેં તારો સંદેશો સૌને પહોંચાડી દીધો અને મારી ફરજ અદા કરી, હે માલિક મારી પ્રાર્થનાનો તું જ સાક્ષી રહેજે.” છેવટે મહંમદ સાહેબ મદીના ગયા અને શેષ જીવન ત્યાં જ રહ્યા. ૬૩ વર્ષની ઉંમરે એમની તબિયત કથળી. આમ તો એમનું સ્વાસ્થ્ય સારું હતું પરંતુ ખૈબરની લડાઈ પછી એમને ઝેર આપવામાં આવ્યું હતું તેને લીધે એમની તંદુરસ્તી ઘટતી ગઈ. અંતિમ દિવસોમાં એમને તાવ આવ્યો. એક દિવસ મધ્યરાત્રિએ કબ્રસ્તાનમાં જઈ ધ્યાનમગ્ન રહી ઈશ્વરની પ્રાર્થના કરી બીજે દિવસે મસ્જિદમાં અલીનો ટેકો લઈ નમાજ પઢી. કોઈનું કાંઈ લેણું હોય તો પૂછ્યું ત્યારે એક જણે ત્રણ દિહરમની મદદ કોઈને મહંમદ સાહેબના કહેવાથી કરેલી તે તેણે યાદ દેવડાવ્યું. તરત મહંમદ સાહેબે તે રકમ ચૂકવી આપી. પછીના

દિવસોમાં મહંમદ સાહેબ નમાજ માટે જઈ શક્યા નહીં. અબુબકર એમની જગ્યાએ નમાજ પઢાવતા.

ખદીજાના અવસાન પછી મહંમદ સાહેબે અબુબકરની કુમારિકા પુત્રી આયેશા સાથે લગ્ન કર્યું હતું. ત્યાર પછી એમણે બીજાં નવ લગ્ન કર્યાં હતાં, તે બધી સ્ત્રીઓ વિધવા, ત્યક્તા કે નિરાધાર કે અનાથ હતી. તે સ્ત્રીઓને આશ્રય આપવાને તેઓ પરણ્યા હતા. એ બધી પત્નીઓ સાથે મહંમદ સાહેબ સારો વર્તાવ રાખતા હતા. એમની બધી પત્નીઓ સાથે દરેકને અલગ અલગ રહેઠાણ આપી મદીનામાં તેઓ રહેતા હતા. જ્યારે છેવટની એમની તબિયત કથળી ત્યારે બીજી બધી પત્નીઓની રજાથી આયેશાના રહેઠાણે રહેવા લાગ્યા. જ્યારે એક દિવસ એમને તાવ ખૂબ વધી ગયો ત્યારે એક પત્નીએ રુદન કર્યું. ત્યારે એમણે કહ્યું કે, ''જેમને અલ્લાહ પર વિશ્વાસ છે તે આમ રડે નહીં.'' એમણે લોકો મૂર્તિપૂજામાં ન પડે એટલા માટે એમની આ માંદગીની અવસ્થામાં પણ એમણે કહ્યું કે, ''જે લોકો પયગંબરોની કબરોની પૂજા કરવા માંડે તેમના પર અલ્લાહનો રોષ હતો. મારી કબરની કદી કોઈ પૂજા ન કરે.'' પોતાના મૃત્યુ બાદ લોકો વળી પાછા બુતપરસ્તી કે વિભૂતિપૂજામાં સાચા ધર્મને ન ભૂલી જાય તે માટે તેઓ સભાન હતા.

મહંમદ સાહેબે પોતાના જીવન દરમિયાન અદ્દભુત કામ કર્યું. છિન્નભિન્ન થઈ ગયેલાં પ્રજા, રાજ્ય, ધર્મને એકસૂત્રે બાંધી વ્યવસ્થિત કર્યાં. મહંમદ સાહેબે ખરેખર તો ગૌતમ બુદ્ધની માફક જ ભ્રષ્ટ થઈ ગયેલા ધર્મનું શુદ્ધીકરણ આદર્યું હતું. મહંમદ સાહેબ પૂર્વે એ જ મક્કા પવિત્ર યાત્રાનું ધામ હતું, એ જ મંદિર

અને એ જ કાબા પૂજનીય હતાં. પર્વોત્સવો અને પવિત્ર માસ રમજાન એ જ હતા. એટલે એકંદરે મહંમદ સાહેબે ધર્મને સામાજિક વ્યવસ્થા માટે સુદૃઢ કર્યો. જોકે મહંમદ સાહેબના વ્યક્તિવત્વનાં અનેક સમૃદ્ધ પાસાં છે. તેઓ રાજકીય અને ધાર્મિક નેતા હતા. તે એકબીજાનાં લક્ષણોને અવરોધે. તેઓ એક કુશળ લડવૈયા અને રાજનીતિજ્ઞ હતા. સાથે સાથે તેઓ પ્રખર સુધારક અને વિચક્ષણ કેળવણીકાર પણ હતા. યુદ્ધ પ્રસંગોમાં સ્ત્રીઓને તેમણે શુશ્રૂષાના કામમાં રોકી અને તેમનો દરજ્જો પ્રસ્થાપિત કર્યો. વિધવાઓ સાથે લગ્ન કર્યાં. પોતાના ગુલામને આઝાદ કર્યો અને જાતિભેદનાં નિકંદનરૂપ ઝેદ જેવા હબસી ગુલામને લશ્કરની સરદારી સોંપી. બિલાલ નામના હબસીને મક્કાના મંદિરમાં પ્રથમ બાંગી તરીકે સ્થાન આપ્યું. કેદ પકડાયેલા લોકોને અભણને ભણાવવાનું કામ સોંપી શિક્ષણને મહત્ત્વ આપ્યું. એમણે જ્ઞાનવિજ્ઞાનનો આદર કર્યો. તેઓ નીતિવાદી અને પ્રગતિવાદી સુધારક હતા. તેમનું સમસ્ત જીવન ત્યાગ, સેવા, પ્રેમ, તપશ્ચર્યા અને પરિશ્રમમાં વીત્યું.

મહંમદ પયગંબરે પ્રવર્તાવેલો ઈસ્લામ ધર્મ અધ્યાત્મપ્રધાનને બદલે આચારપ્રધાન છે. ફિલસૂફીપ્રધાનને બદલે નીતિપ્રધાન છે. મહંમદ સાહેબે નીતિ અને આચાર માટે 'કુરાન' આપ્યું છે. એમાં દેવપ્રેરિત મહંમદવાણી અને આદેશો છે. 'કુરાન' આમ મુસ્લિમોનું ધર્મપુસ્તક છે. વિશ્વનાં મહાન ધર્મપુસ્તકોમાં એ આપણા સમયની વધુ નજીક છે. કારણ વિશ્વવ્યાપક ધર્મગ્રંથોમાં એ છેલ્લું રચાયેલું છે. 'કુરાન'માં જે ઈશ્વરપ્રેરિત વહીઓ છે તે પયગંબર સાહેબને મળેલા સંદેશા છે જે

આયતોરૂપે પ્રગટ થઈ છે. આયતો કવિત્વમય વાણીમાં નિરૂપિત છે. મહંમદ સાહેબને વહીઓ આવતી ત્યારે વેદના થતી અને એમની તબિયત પર તેની અસર થતી. કોઈ પ્રશ્ન એમને મૂંઝવતો ત્યારે તેઓ ખાધાપીધા વગર એક સ્થળે એક કપડું ઓઢી પડી રહેતા અને એકાએક એમને જે સ્ફુરતું તે વહીરૂપે પ્રગટ થતું. અને તે અલ્લાહના સંદેશારૂપે તેઓ આપતા. જે ખુદાના અફર આદેશ ગણાતા. બધી વહીઓ મળીને કુરાન બને છે. 'કુરાન'નો મુખ્ય હેતુ અરબસ્તાનમાં પ્રવર્તતી તત્કાલીન વિવિધ ધાર્મિક વિધિવિધાનનું સામંજસ્ય સાધવાનો અને એક ઈશ્વરની ભક્તિ સ્થાપવાનો છે. મહંમદ સાહેબની વહીઓ સિવાયની બીજી ઉક્તિઓ હદીસ (ઉપદેશવચન) કહેવાય છે. 'કુરાન'ની વાણી કવિત્વમય અને અત્યંત હૃદયંગમ છે.

'કુરાન' ધાર્મિક પુસ્તક હોવા છતાં તેમાં એક સામાજિક વ્યવસ્થા પણ પ્રગટ થાય છે. એમાં નમાજ, રોજા વગેરે ધાર્મિક વિધિ ઉપરાંત કૌટુંબિક અને સામાજિક વ્યવસ્થા માટેના આદેશો પણ છે. એટલે મુસ્લિમોમાં કોઈને વસિયતનામું કરવાનો હક નથી. કોને કેટલો ભાગ મળે છે તે કુરાને જ નક્કી કરી આપ્યું છે. તત્કાલીન સામાજિક પરિસ્થિતિ પ્રમાણે ચાર પત્નીઓની છૂટ અપાઈ છે પણ આદર્શ વ્યવસ્થા તો એક પત્નીની જ માનવામાં આવી છે. તે વખતે પુરુષ કરતાં સ્ત્રીઓની વિશેષ સંખ્યાના ઉકેલરૂપે, વેશ્યાવૃત્તિ અટકાવવાના આશય રૂપે ચાર પત્નીત્વના રિવાજની છૂટ મહંમદ પયગંબરે આપી હતી. બાકી વ્યભિચાર તો મુસ્લિમ ધર્મમાં બહુ જ મોટો ગુનો ગણાય છે અને તે ભારે શિક્ષાને પાત્ર છે. મુસ્લિમ ધર્મ કડક શિસ્તપાલનનો ધર્મ છે

એમાં અભિમાન, દંભ, અપ્રામાણિકતા વર્જ્ય છે. એ ધર્મમાં વચન પાળવાનો, નિરાધારોને રક્ષણ આપવાનો, વ્યાજ ન ગ્રહણ કરવાનો, મદ્યનિષેધનો આગ્રહ રાખવામાં આવ્યો છે. પૂર્વમાં ભગવાન બુદ્ધે પણ વ્યભિચાર અને મદ્યનો ત્યાગ કરવાનો આદેશ આપ્યો છે. મહંમદ સાહેબે બધા ધર્મો અને પયગંબરોને સાચા માનવાનો અને માન આપવાનો આગ્રહ રાખ્યો છે. સર્વ આચાર માટે કુરાનમાંથી આદેશ મળે છે પણ જ્યારે એમાંથી ઉકેલ ન મળે ત્યારે મહંમદ પયગંબરની રહેણીકરણી - સુન્ના - વિશેની લોકસ્મૃતિ સર્વમાન્ય મહંમદ સાહેબ પહેલાંના અને પછીના આચારઈજમા - અને આચારના મળતાપણાના અનુમાન - કિયાસ (દષ્ટાંત) - નો આશ્રય લેવામાં આવે છે. મૃત્યુ પછી જ્યારે કયામત દિન આવશે ત્યારે અલ્લાહ સામૂહિક ન્યાય કરી યોગ્ય બદલો આપશે એમ માનવામાં આવે છે. ઈસ્લામ ધર્મ પ્રમાણે ઈશ્વર એક અને અદ્વિતીય; નિરંજન અને નિરાકાર છે. તે સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વકર્તા છે જે અલ્લાહને નામે ઓળખાય છે. તેનાં ત્રણ હજાર નામ છે જેમાંથી ૯૯ નામ 'કુરાન'માં પ્રગટેલાં છે. આવા અલ્લાહને શરણે જવું, એની ઈચ્છાને વશ વર્તવું એ મહત્ત્વનું છે. એ માટે દિવસમાં પાંચ વાર નમાજ પઢવી જોઈએ એટલે પ્રાર્થના કરવી જોઈએ. સૂર્યોદય પહેલાં, મધ્યાહ્ન પછી, સૂર્યાસ્ત પહેલાં, સૂર્યાસ્ત પછી અને રાત્રિના આરંભ પહેલાં.

ઈસ્લામ ધર્મનાં બે અંગ છે : (૧) ઈમાન એટલે માનવું અને (૨) દીન એટલે યોગ્ય આચરવું. ધર્મને અનુસરવા કે આચરવા પાંચ આચરણોનું ધ્યેય રાખવું જોઈએ જે ઈસ્લામ ધર્મના

આચરણના સ્તંભ ગણાય છે. (૧) કલ્મો, (૨) નમાજ, (૩) રોજા, (૪) જકાત, (૫) હજ.

(૧) કલ્મો એટલે ઈશ્વર (અલ્લાહ) એક છે અને મહંમદ તેના રસૂલ છે એ મંત્રનું રટણ શ્રદ્ધાપૂર્વક કરવું. આને કલ્મો પઢવો કહે છે.

(૨) નમાજ એટલે દિવસમાં પાંચ વાર મક્કા તરફ મુખ કરી પરમાત્માની પ્રાર્થના કરવી. આથી ભારતમાં મુખ પશ્ચિમ તરફ રાખી અલ્લાહની સ્તુતિ કરવામાં આવે છે.

(૩) જકાત - એટલે દાન કે ખેરાત. ગરીબોને મદદ કરવી, ધાર્મિક સામાજિક સેવાકાર્યો માટે કમાણીમાંથી અમુક અંશ કાઢવો.

(૪) રોજા એટલે ઉપવાસ, રમજાન મહિનામાં મહંમદ સાહેબને દિવ્ય વાણીનો સાક્ષાત્કાર થયો હતો. એટલે આ માસ પવિત્ર ગણાય છે. જોકે તે પૂર્વે પણ રમજાન માસનું ધાર્મિક મહત્ત્વ હતું. આ રમજાન મહિનામાં પાળવાના ઉપવાસ રોજા કહેવાય છે. રોજામાં દિવસે ખાવાપીવાની સખત મનાઈ છે અને અશુદ્ધ વાણીની પણ મનાઈ છે.

(૫) હજ એટલે યાત્રા. પ્રત્યેક મુસલમાને જીવનમાં એક વાર મક્કાની યાત્રા કરવી. આ હજ જો કોઈ ન કરી શકે તો એને બદલે બીજા કોઈને હજ કરવા મોકલી આ શિસ્તપાલનની છૂટ આપવામાં આવી છે.

આમ ઈસ્લામ ધર્મ એટલે અનોખું જીવન-શિસ્ત.

એકંદરે વિશ્વભરમાં ઈસ્લામ ધર્મ પાળનારાઓની સંખ્યા ખ્રિસ્તી ધર્મ પછી બીજે નંબરે આવે છે. એશિયા, આફ્રિકા અને યુરોપ ખંડોમાં એ ખૂબ પ્રસરેલ છે. ઈરાન, ઈરાક, સીરિયા,

ટર્કી, ઈજિપ્ત, ટ્યુનિશિયા, સાઉદી અરેબિયા, સોમાલિયા, જોર્ડન, પાકિસ્તાન, બાંગ્લા દેશ વગેરે આખા દેશો મુસ્લિમ ધર્મના છે. ઈસ્લામ ધર્મથી જર્મન વિદ્વાન ગટે અને અંગ્રેજી વિદ્વાન કાર્લાઈલ જેવા પણ પ્રભાવિત થયા હતા. ઈસ્લામ શું છે એવું એક વાર પૂછતાં મહંમદ સાહેબે કહ્યું હતું કે, ''ઈશ્વરના આદેશને આધીન રહેવું અને એના સર્જેલા સઘળા જીવો પર દયા રાખવી.'' 'કુરાન'નો મુખ્ય ઉદ્દેશ મનુષ્યમાં રહેલા સંવિદને ઈશ્વર અને વિશ્વના સમગ્ર સંદર્ભમાં સજાગ કરવાનો છે. આવા એક મહાન ધર્મ - સમાજ - સંસ્કૃતિ પ્રવર્તકનો ઉપદેશ વ્યવસ્થિત રીતે અનુસરવામાં આવે તો આજના ક્ષુબ્ધ વાતાવરણને પણ શાંત, સમૃદ્ધ બનાવે.

મહંમદ સાહેબે સમાજ તરફ વિશેષ દષ્ટિ રાખી છે. ઈશ્વરના અસ્તિત્વને સ્વીકારી સમાજને નૈતિક અને સદાચારી બનાવવા માટે એમણે આદેશ આપ્યો છે. એટલે એમણે સમાજને સુખી અને કલ્યાણમય બનાવવા માટે જ સમગ્ર પ્રવૃત્તિ આદરી. લોકોનાં સામાજિક દુઃખો એમના પર એટલાં સવાર થઈ જાય છે કે એમાંથી મુક્તિ એ જ રાહત આપનારી પરિસ્થિતિ છે. એથી મહંમદ સાહેબે કયામત દિનના ન્યાયને સ્વીકારવા છતાં ઐહિક જીવનની સુખાકારીનો પણ વિચાર કર્યો છે. જો ઐહિક જીવનમાં લોકો નીતિ અને સદાચાર, પ્રેમ અને ઉદારતા, સેવા અને ભ્રાતૃત્વ રાખે તો વ્યક્તિગત અને સામાજિક દુઃખો દૂર થાય. મહંમદ સાહેબે આમ સામાજિક દષ્ટિ ધર્મ પરત્વે રાખી છે. બીજી બાજુ એમનાથી લગભગ હજાર વર્ષ પૂર્વે થઈ ગયેલા ભગવાન બુદ્ધે પણ જુદી રીતે આવી જ દષ્ટિ રાખી છે. ઈશ્વર

હોય કે ન હોય તેના વાદવિવાદમાં પડવા કરતાં આપણે સામાજિક જીવનમાં પ્રેમ, દયા, ઉદારતા, સંયમ જેવા ગુણો સેવીએ તો સમાજ સુખી અને સમૃદ્ધ થાય. આમ ગૌતમ બુદ્ધે ઈશ્વર વિશે મૌન રહીને સામાજિક કલ્યાણ સ્થાપવાની કોશિશ કરી છે જ્યારે મહંમદ સાહેબે નિરંજન નિરાકાર પરમાત્માની સર્વશક્તિમત્તાને સ્વીકારી સામાજિક કલ્યાણને સ્થાપવાની કોશિશ કરી છે. બંનેએ મૂર્તિપૂજામાં ન પડવાનો આદેશ આપ્યો છે. બીજા આદેશોમાં પણ કેટલુંક સામ્ય છે. વળી ગૌતમ બુદ્ધનો ધર્મ ત્યારે સીરિયા દેશમાં ગયો હતો તેથી એની અસર ત્યાંના ધર્મ વિચાર ઉપર થઈ છે.

આમ માત્ર આધ્યાત્મિક કે માત્ર વ્યક્તિગત સુખ પરિણામી જેવા બંનેના ધર્મો નથી. દુનિયાનો મોહ એ જ બધાં દુઃખનું મૂળ છે, તેમ પાપનું મૂળ છે. એટલે સુખદુઃખ-મોહ-સ્વભાવવાળા વિશ્વને કેમ વ્યક્તિ અને સમાજ માટે સહ્ય બનાવવું એ મહત્ત્વનું છે. આમ મનુષ્યની નિર્બળતા સ્વીકારીને બંને મહાન પુરુષોએ તેમના સુખનો માર્ગ દર્શાવ્યો છે. શુદ્ધ નૈતિકતા પર બંનેએ ભાર મૂકી ધર્મની વ્યાપકતાનો સ્વીકાર કર્યો છે.

મહંમદ પયગંબરે ભારપૂર્વક પોતે ખુદાના રસૂલ હોવા વિશે વારંવાર કહ્યું છે. છતાં મહંમદ સાહેબે કે ગૌતમ બુદ્ધે પોતે પૂજ્ય છે એવો ક્યાંય દાવો કર્યો નથી બલકે એ બંને મહાપુરુષોએ તેમની પૂજાથી દૂર રહેવા જ આદેશ આપ્યો છે. પોતાનો ધર્મ વિભૂતિપૂજા કે બુતપરસ્તીમાં વિકૃત ન થાય તે માટે બંને ખૂબ સભાન રહ્યા છે. મહંમદ સાહેબે તો જે પયગંબરની કબરની પૂજા કરે તેના પર ઈશ્વરનો શાપ ઊતરજો એમ સ્પષ્ટ કહ્યું છે.

# ઉપદેશ

મહંમદ સાહેબનો મોટા ભાગનો ઉપદેશ કુરાનમાં જ સમાવિષ્ટ છે. 'कुरान' કે 'कुरानेशरीफ' એટલે 'पवित्र कुरान'માં ૧૧૪ અધ્યાય છે જેને સૂરા કહેવામાં આવે છે. 'કુરાન'માં શરૂઆતમાં લાંબા અધ્યાય છે અને ધીમે ધીમે પાછળથી ટૂંકા થતા જાય છે. 'કુરાન'માં કુલ ૬,૨૩૭ આયતો છે. 'કુરાન'ની શૈલી બહુ સુંદર છે.[૧] નદીના પ્રવાહ જેવી છે.[૨] એક એક આયતમાં થોડા શબ્દોમાં ગર્ભાર્થ સામેલ કરાયેલો છે.[૩] આ ઉપરાંત મહંમદ સાહેબે જે 'હદીસ' રૂપે આદેશ આપ્યા છે તે, મહંમદ સાહેબની સાથેના બીજાનાં સંસ્મરણો છે. તે મહંમદ સાહેબની રહેણીકરણીમાંથી ફલિત થાય છે. તે પણ એમના ઉપદેશરૂપ છે.

પ્રાર્થના ઈસ્લામ ધર્મનું મહત્ત્વનું અંગ છે. જેણે પેદા કર્યા છે અને જે પાળે-પોષે છે તેની કૃપા આવશ્યક છે. આથી સીધે માર્ગે લઈ જવાની પ્રભુને પ્રાર્થના કરવામાં આવે છે.

''પ્રશસ્તિ અલ્લાહની છે જે સમગ્ર સૃષ્ટિનો પાલનહાર છે. અત્યંત કૃપાળુ અને દયાળુ છે. ન્યાયના દિવસનો અધિષ્ઠાતા છે.

અમે તારી જ પ્રાર્થના કરીએ છીએ અને તારી જ મદદ માગીએ છીએ.

અમને સીધો માર્ગ દર્શાવ, એ લોકોનો માર્ગ જેમની ઉપર તેં

---

૧, ૨, ૩, વિનોબા

કૃપા કરી, જે પ્રકોપના ભોગ ન બન્યા અને જે પથભ્રષ્ટ નથી.''

''પ્રભુ તું શાંતિ છે. શાંતિ સ્વરૂપ છે.''

''જે કર્મના ફળનો અને કાળનો માલિક છે તેને જ અમે ભજીએ છીએ.''

'કુરાન' પ્રમાણે અલ્લાહ એક અને અદ્વિતીય છે.

''કહો, તે અલ્લાહ છે, અદ્વિતીય છે. અલ્લાહ સૌથી નિઃસ્પૃહ છે અને સૌ તેની સહાયાધીન છે. ન તેનું કોઈ સંતાન છે અને ન તે કોઈનું સંતાન છે. અને તેનો કોઈ સમકક્ષ નથી.''

''અલ્લાહ આકાશ અને ધરતીનો પ્રકાશ છે.''

''એ અલ્લાહ જ છે જેણે જાતજાતના બાગ અને દ્રાક્ષના બગીચા અને ખજૂરના બગીચા પેદા કર્યા, ખેતરો ઉગાડ્યાં જેમાંથી જાતજાતની ખાદ્ય વસ્તુઓ પ્રાપ્ત થાય છે, જેતૂન અને દાડમનાં વૃક્ષો પેદા કર્યાં જેમનાં ફળ દેખાવમાં સમાન અને સ્વાદમાં જુદાં હોય છે. ખાઓ તેમની પેદાશ, જ્યારે તેમને ફળ લાગે, અને અલ્લાહનો હક ચૂકવો જ્યારે તેમની ફસલની લણણી કરો, અને હદથી આગળ ન વધો કેમ કે અલ્લાહ હદ વટાવી જનારાઓને પસંદ નથી કરતો.''

''ખાઓ એ વસ્તુમાંથી જે અલ્લાહે તમને બક્ષેલી છે અને શેતાનનું અનુસરણ ન કરો કારણ કે તે તમારો પ્રત્યક્ષ દુશ્મન છે.''

''રાતના અંધારામાં અને દિવસના પ્રકાશમાં જે કાંઈ સ્થિર છે, બધું જ અલ્લાહનું છે અને તે બધું જ જાણે છે અને સાંભળે છે.''

''આમને પૂછો, કોની સાક્ષી શ્રેષ્ઠ છે ? કહો, મારી અને

તમારી વચ્ચે અલ્લાહ સાક્ષી છે. અને આ કુરાન મારી તરફ વહી મારફતે મોકલવામાં આવ્યું છે જેથી તમને અને જેને જેને એ પહોંચે તે સૌને ચેતવી દઉં. શું ખરેખર તમે લોકો એવી સાક્ષી આપી શકો છો કે અલ્લાહની સાથે બીજા ખુદાઓ પણ છે ? કહો હું તો આની સાક્ષી હરગિજ આપી શકતો નથી. કહો કે ખુદા તો તે એક છે.''

''અલ્લાહની વાતને બદલી કાઢવાની કોઈનામાં તાકાત નથી.''

''અલ્લાહ તમારો વાલી છે અને તે સર્વશ્રેષ્ઠ હિમાયતી અને સહાયક છે.''

''તે જ અલ્લાહ છે, તેના વિના બીજો કોઈ ઈશ્વર નથી; તે અનાદિ, અનન્ત તથા સ્વયંભૂ છે, તે સર્વવ્યાપી છે તથા સદા જાગ્રત છે; આકાશ ને જમીન ઉપર જે કાંઈ છે તે સર્વ તેનું છે. જ્યાં સુધી તેનો આદેશ ન થાય ત્યાં સુધી કોઈ એના કામમાં માથું ન મારી શકે. તે આપણી ભૂતકાળની તથા ભવિષ્યની વાતો જાણનારો છે. આપણે તેના જ્ઞાનભંડારમાંથી એની મરજી પ્રમાણેનું જ પામી શકીએ છીએ. આકાશ ને ધરતી એનાં કાર્યક્ષેત્રો છે. તે આ સૌનું રક્ષણ કરે છે, તેને કદી થાક લાગતો નથી, તે સૌથી ઊંચો અને મોટો છે.''

''અલ્લાહ સર્વ ઉપર વર્ચસ્વ ધરાવનાર સામર્થ્યવાળો અને મહાન મેધાવી છે.''

''તે જ એકલો આકાશમાં પણ ખુદા છે અને ધરતી પર પણ ખુદા છે અને તે જ ડહાપણવાળો અને સર્વજ્ઞ છે. તે ઘણો ઉચ્ચ અને પર છે જેના કબજામાં આકાશ અને ધરતી તથા એ દરેક

વસ્તુની બાદશાહી છે, જે આકાશ અને ધરતીની વચ્ચે મોજૂદ છે, અને તે જ કયામતની ઘડીનું જ્ઞાન ધરાવે છે, અને તેની જ તરફ તમે સૌ પાછા લઈ જવામાં આવવાના છો.''

''તમારો ખુદા એક જ ખુદા છે, એ કૃપાળુ અને દયાળુ સિવાય બીજો કોઈ ખુદા નથી.''

''અલ્લાહનો રંગ અપનાવો. તેના રંગથી સારો બીજો કોનો રંગ હશે ?''

''અલ્લાહ તમારાં કાર્યોથી અજાણ નથી.''

''એ જાણી લો કે અલ્લાહ એ લોકોની જ માફી કબૂલ કરશે જેઓ અજાણતામાં કોઈ ખરાબ કૃત્ય કરી બેસે અને પછી તુરત જ પશ્ચાત્તાપ કરી લે છે. અલ્લાહ પોતાની કૃપાદષ્ટિ આવા લોકો પર વાળે છે અને અલ્લાહ બધી જ વાતોની ખબર રાખનાર અને વિચક્ષણ છે.''

* * *

અલ્લાહ પ્રત્યક્ષ રૂપે નથી પણ સમગ્ર વિશ્વનાં અનેક સ્વરૂપો એ ઈશ્વરની નિશાનરૂપ છે. આ વિશ્વ ઈશ્વરે સર્જેલું છે. બીજા કોઈ દુન્યવી ચમત્કારમાં ઈશ્વર સામેલ નથી. આ વસ્તુ કુરાનમાં અનેક વાર સ્પષ્ટ કરવામાં આવી છે.

''દાણા અને ઠળિયાને ફાડનાર અલ્લાહ છે. એ જ સજીવને નિર્જીવમાંથી કાઢે છે અને નિર્જીવને સજીવમાંથી કાઢનાર છે. આ સર્વ કામો કરનાર તો અલ્લાહ જ છે. પછી તમે ક્યાં બહેકતા જઈ રહ્યા છો ? રાત્રિના પડદાને ચીરી એ જ પ્રભાત કાઢે છે. તેણે જ રાત્રિને શાંતિનો સમય બતાવ્યો છે. તેણે જ ચંદ્ર અને સૂર્યના ઉદય અને અસ્તના હિસાબ નક્કી કર્યા છે. આ બધું એ

જ જબરજસ્ત શક્તિશાળી અને જાણકારની ઠેરવેલી યોજના છે. અને એ જ છે જેણે તમારે માટે તારાઓને ભૂમિ અને સમુદ્રના અંધારામાં રસ્તા શોધવા માટે સાધનો તરીકે બનાવ્યા. જુઓ અમે (અલ્લાહની) નિશાનીઓ સ્પષ્ટતાપૂર્વક વર્ણવી દીધી છે. તે એ માટે જેઓ જ્ઞાન ધરાવે છે. અને એ જ છે જેણે એક જીવમાંથી તમને પેદા કર્યા પછી દરેકને માટે એક ઠેકાણું રાખ્યું છે અને તેને સોંપી દેવા માટેનું એક સ્થાન મુકરર કર્યું છે. આ નિશાનીઓ અમે સ્પષ્ટ કરી દીધી છે તે એ લોક માટે જેઓ સમજુ હોય. અને એ જ છે જેણે આકાશમાંથી પાણી વરસાવ્યું. પછી તેના વડે દરેક પ્રકારની વનસ્પતિ ઉગાડી, પછી તેનાથી હરિયાળાં ખેતરો અને વૃક્ષો પેદા કર્યાં, પછી તેમાંથી પડ ઉપર પડ ચડેલા દાણા કાઢ્યા અને ખજૂરની ડાળીઓમાંથી ફળોનાં ઝૂમખાં પેદા કર્યાં જે ભારથી લચી પડે છે. અને દ્રાક્ષ, જેતૂન અને દાડમના બગીચા ઉગાડ્યા, જેમનાં ફળ એકબીજાને મળતાં પણ છે અને પાછી દરેકની વિશિષ્ટતાઓ જુદી જુદી પણ છે. આ વૃક્ષો ઉપર જ્યારે ફળ આવે છે તેમાં ફળ આવવા અને પછી તેમના પાકવાની સ્થિતિ જરા ધ્યાનપૂર્વક જુઓ, આ વસ્તુઓમાં નિશાનીઓ છે તે લોકો માટે જેઓ ઈમાન-શ્રદ્ધા-ધરાવે છે.''

પોતે ચમત્કાર કરવાને અસમર્થ છે એમ તેમણે ભારપૂર્વક કહ્યું છે :

''હું કોઈ ન્યારો રસૂલ નથી (કે ચમત્કાર કરી શકું), હું નથી જાણતો કે આવતી કાલે તમારી સાથે શું થવાનું છે અને મારી સાથે શું થશે. હું તો માત્ર એ વહીનું અનુસરણ કરું છું, જે મારી પાસે મોકલવામાં આવે છે અને હું સ્પષ્ટતાપૂર્વક ચેતવનાર

સિવાય બીજો કોઈ નથી.''

માત્ર પ્રાર્થનામાં જ ઈશ્વર સમાઈ જતો નથી. પણ એ માટે શ્રદ્ધા અને શુદ્ધ જીવન આવશ્યક છે. કારણ કે અલ્લાહ જ સર્વશક્તિમાન છે.

''અલ્લાહ જ જીવન બક્ષે છે, અલ્લાહ જ તેનો અંત આણે છે, અલ્લાહ તારું સઘળું કાર્ય જુએ છે.''

''જે તરફ મુખ કરો તે તરફ અલ્લાહનું મુખ છે.''

''ધર્મ એ નથી કે તમે તમારું મુખ પશ્ચિમ તરફ (પ્રાર્થના કરવા) કરો કે પૂર્વ તરફ કરો.

પરંતુ ધર્મ એ છે કે માનવી અલ્લાહ પર શ્રદ્ધા રાખે, અંતિમ દિવસ પર, દેવદૂતો પર, ઈશ્વરની કિતાબો પર, પયગંબરો પર શ્રદ્ધા રાખે; અને ઈશ્વરના પ્રેમમાં સગાંસંબંધીઓ, અનાથો, ગરીબો, અતિથિઓ, સાધુ-ફકીરો પર પોતાનો પૈસો ખર્ચે, કોઈને મૃત્યુમાંથી ઉગારે, નમાજ કાયમ કરે અને દાનદક્ષિણા આપે.''

સદ્ગુણ-દુર્ગુણનો બદલો પરમાત્મા આપે છે. સારાં કર્મો ઉપર એટલા માટે મહંમદ સાહેબે ભાર મૂક્યો છે. દાન, ક્ષમા, સંયમ, ઉદારતા જેવા ગુણોની પરમાત્મા કદર કરી અવશ્ય બદલો આપે છે. સારાનરસા કામનો બદલો ભોગવવાનો આ જન્મમાં પણ છે અને મરણ પછી પણ છે.

''જે લોકો અલ્લાહના માર્ગમાં પોતાની મિલકત ખર્ચે છે અને ખર્ચ પછી ઉપકાર જણાવતા નથી, ન કોઈને દુ:ખ પહોંચાડે છે, તેમનો બદલો તેમના રબની (પરમાત્માની) પાસે છે અને તેમના માટે કોઈ દુ:ખ અને ભયની શક્યતા નથી.''

''એક મીઠો બોલ અને કોઈ અણગમતી વાતને અવગણવી એ દાન કરતાં વધુ સારું છે.''

''જો તમારાં દાન જાહેરમાં આપો, તો આ પણ સારું છે, પરંતુ જો છુપાવીને મદદની અપેક્ષાવાળાને આપો, તો એ તમારા હિતમાં વધુ સારું છે, તમારા ઘણા ગુના આ વર્તનથી દૂર થઈ જાય છે. અને જે કંઈ તમે કરો છો તેની અલ્લાહને ખબર છે.''

''લોકોને માર્ગદર્શન આપવાની જવાબદારી તમારી ઉપર નથી. માર્ગદર્શન તો અલ્લાહ જ જેને ચાહે છે તેને બક્ષે છે. અને ભલાઈનાં કાર્યોમાં જે મિલકત ખર્ચ કરો છો તે તમારા પોતાના માટે સારું છે. છેવટે તમે એટલા જ માટે તો ખર્ચ કરો છો કે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થાય. તો જે કંઈ મિલકત તમે સારાં કાર્યોમાં ખર્ચ કરશો, તેનો પૂરેપૂરો બદલો તમને આપવામાં આવશે અને તમને તમારા હકથી કદાપિ વંચિત રાખવામાં નહીં આવે.''

''જે લોકો પોતાનું ધન રાતદિવસ જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ કરે છે તેમનો બદલો તેમના પરમાત્માની પાસે છે. અને તેમના માટે કોઈ ભય કે દુ:ખની શક્યતા નથી. પરંતુ જે લોકો વ્યાજ ખાય છે તેમની સ્થિતિ શેતાને સ્પર્શ દ્વારા પાગલ કરી દીધેલા માનવી જેવી હોય છે. 'વેપાર પણ છેવટે તો વ્યાજ જેવી જ વસ્તુ છે.' જોકે અલ્લાહે વેપારને હલાલ માન્યું છે અને વ્યાજને હરામ.''

''અલ્લાહ વ્યાજને તમામ બરકતોથી વંચિત કરે છે અને દાનને વૃદ્ધિ આપે છે. અને અલ્લાહ કોઈ અપકારી અને દુરાચારી વ્યક્તિને પસંદ કરતો નથી.''

''જે લોકો શ્રદ્ધા લઈ આવે અને સત્કાર્યો કરે અને હંમેશાં નમાજ કરે, દાન આપે, તેમનો બદલો બેશક તેમના પરમાત્મા પાસે છે અને તેમના માટે કોઈ ભય અને દુ:ખની શક્યતા નથી.''

''કોઈ જીવ અલ્લાહના હુકમ વિના મરી શકતો નથી. મોતનો સમય તો લખાયેલો જ છે. જે વ્યક્તિ દુનિયામાં બદલો મેળવવાના ઈરાદાથી કાર્ય કરશે તેને અમે દુનિયામાંથી જ આપીશું. અને જે આખિરતના બદલાના ઈરાદાથી કાર્ય કરશે તે આખિરતનો બદલો પામશે. અને ઉપકારી લોકોને તેમનો બદલો જરૂર આપીશું.''

''અલ્લાહ મોમિનોને (શ્રદ્ધાળુઓને) એ સ્થિતિમાં કદાપિ નહીં રહેવા દે જેમાં તમે લોકો અત્યારે છો. તે પાક લોકોને નાપાક લોકોથી જુદા કરીને રહેશે. પરંતુ અલ્લાહની આ રીત નથી કે તમને ગેબની વાતો જણાવી દે. (ગેબની વાતો પ્રગટ કરવા) અલ્લાહ પોતાના રસૂલોમાંથી જે ઈચ્છે છે તેને પસંદ કરી લે છે. આથી (એવી વાતો માટે) અલ્લાહ અને તેના રસૂલો ઉપર વિશ્વાસ રાખો. જો તમે શ્રદ્ધા અને ઈશ્વરપ્રેમના માર્ગે ચાલશો તો તમને સારું વળતર મળશે.''

''હે લોકો જેઓ શ્રદ્ધા ધરાવો છો તેઓ આ બમણું ચોગણું વ્યાજ ખાવાનું છોડી દો અને અલ્લાહથી ડરો, આશા છે કે સફળતા પામશો. . . અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન કરો, આશા છે કે તમારી ઉપર દયા કરવામાં આવશે. દોડી પડો એ માર્ગ તરફ જે તમારા પરમાત્માની ક્ષમા અને સ્વર્ગ તરફ જાય છે જેની વિશાળતા ધરતી અને આકાશ જેવી છે. અને તે એ

અલ્લાહથી ડરનારા લોકો માટે તૈયાર કરવામાં આવી છે, જેઓ દરેક હાલતમાં પોતાનું ધન ખર્ચ કરે છે. ચાહે સારી હાલતમાં હોય કે બૂરી હાલતમાં, જેઓ ગુસ્સો પી જાય છે અને બીજાઓના ગુના માફ કરી દે છે – આવા નેક લોકો અલ્લાહને બહુ પ્રિય છે – અને જેમની હાલત એવી છે કે જો ક્યારેય કોઈ નિર્લજ્જ કૃત્ય તેનાથી થઈ જાય અથવા (બેધ્યાનપણે) કોઈ ગુનો કરી પોતાની ઉપર કોઈ અત્યાચાર કરી બેસે તો તરત અલ્લાહ તેમને યાદ આવી જાય છે અને તેની પાસે તેઓ પોતાના ગુનાઓની માફી માગે છે – કેમ કે અલ્લાહ સિવાય બીજો કોણ છે જે ગુના માફ કરી શકતો હોય – અને તેઓ કદાપિ જાણી જોઈને પોતાના આચરણ ઉપર અડી બેસતા નથી. આવા લોકોનો બદલો તેમના પરમાત્મા પાસે છે તે એ કે તેમને પ્રભુ માફ કરી દેશે અને એવા બાગોમાં તેમને દાખલ કરશે જેમની નીચે નદીઓ વહેતી હશે અને ત્યાં તેઓ હંમેશ રહેશે. કેવો સુંદર બદલો છે સત્કાર્યો કરનારાઓ માટે !''

''અને એ લોકો પણ અલ્લાહને નાપસંદ છે જેઓ પોતાનું ધન માત્ર લોકોને દેખાડવા માટે ખર્ચ કરે છે અને હકીકતમાં ન તો અલ્લાહ ઉપર શ્રદ્ધા ધરાવે છે ન તો અંતિમ દિવસ ઉપર.''

''કોઈ વ્યક્તિ કોઈ મોમિનની જાણીબૂજીને કતલ કરે તો તેનો બદલો જહન્નમ છે જેમાં તે હંમેશાં રહેશે તેની ઉપર અલ્લાહનો પ્રકોપ અને ધિક્કાર છે અને અલ્લાહે તેના માટે સખત યાતના તૈયાર કરી રાખી છે.''

''અલ્લાહને એવી વ્યક્તિ પસંદ નથી જે વિશ્વાસઘાતી અને પાપી હોય. આ લોકો મનુષ્યોથી પોતાનાં કરતૂતો છુપાવી શકે

છે, પરંતુ અલ્લાહથી નહીં.''

'કુરાન'માં કુરાન ગ્રંથની વિશિષ્ટતાનો ઉલ્લેખ વારંવાર આવે છે. એમાં કહેલી વાતો શ્રદ્ધાપૂર્વક અનુસરવાનો આદેશ મહંમદ સાહેબે આપ્યો છે. અને અનુસરવામાં જ સૌનું કલ્યાણ છે. જે શ્રદ્ધા રાખી આ ગ્રંથને અનુસરે તે જ સુખી થશે. પણ કુરાન માત્ર ધર્મપુસ્તક નથી, તે એક સામાજિક માર્ગદર્શન માટેનો પણ ગ્રંથ છે. એમાં ઘણાં વ્યાવહારિક સૂચનો અને દૃષ્ટાંતો છે. નીતિમાન જીવન, શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના, ઈશ્વરની ઇચ્છાને વશવર્તન, નિષ્પાપ કાર્યો માનવીને આ જન્મમાં અને જન્માંતરમાં સુખદાયક છે. સામાજિક, રાજકીય, યુદ્ધકીય, આચારનું માર્ગદર્શન 'કુરાન'માંથી મળે છે. પણ 'કુરાન'માં એમ પણ જણાવ્યું છે કે જે કંઈ કહેવામાં આવે છે તે બધું સમજુ, જ્ઞાની અને શ્રદ્ધાળુ માટે છે. આમ એકેશ્વરથી માંડીને દાંપત્યજીવન વિશેના આદેશો 'કુરાન'માંથી પ્રાપ્ત થાય છે:

''જે લોકોએ અલ્લાહને છોડીને બીજા વાલી બનાવી દીધા છે તેમનું દૃષ્ટાંત કરોળિયા જેવું છે. જે પોતાનું એક ઘર બનાવે છે અને સર્વ ઘરોમાં કમજોર ઘર કરોળિયાનું જ હોય છે.''

''આ (કુરાન) અલ્લાહનો ગ્રંથ છે, એમાં કોઈ શંકા નથી. (અહીં) માર્ગદર્શન છે તે સંયમી લોકો માટે જેઓ અવ્યક્ત (પરમાત્મા) ઉપર શ્રદ્ધા ધરાવે છે. નમાજ હંમેશાં કરે છે, જે કંઈ અમે આપ્યું છે તેમાંથી ખર્ચ કરે છે, જે ગ્રંથ (કુરાન) તમારી ઉપર ઉતારવામાં આવ્યો છે અને જે ગ્રંથો તમારી અગાઉ ઉતારવામાં આવ્યા હતા તે સૌની ઉપર શ્રદ્ધા રાખે છે. અને આખિરત પર શ્રદ્ધા રાખે છે.''

''અને જો તમને આ બાબતમાં શંકા છે કે આ ગ્રંથ જે અમે અમારા બંદા ઉપર ઉતાર્યો છે, એ અમારો છે કે નહીં, તો આના જેવી એક જ સૂરા (કુરાનનો અધ્યાય) બનાવી લાવો. પોતાના સૌ સાથીઓને બોલાવી લો, એક અલ્લાહ સિવાય બાકી જેની ચાહો, મદદ મેળવી લો, જો તમે સાચા છો તો આ કામ કરી દેખાડો.''

''અને આવી જ રીતે આ ગ્રંથ અમે ઉતાર્યો છે, એક મુબારક ગ્રંથ. પછી તમે આનું અનુકરણ કરો અને પરહેજગારીનો માર્ગ અપનાવો, આશા છે કે તમારી ઉપર દયા કરવામાં આવે.''

''સાચું એ છે કે જે લોકો એ આદેશો છુપાવે છે જે અલ્લાહે પોતાના ગ્રંથમાં ઉતાર્યા છે અને દુનિયાના નજીવા ફાયદા માટે તેમને વેચી દે છે, તેઓ હકીકતમાં પોતાનાં પેટ આગથી ભરી રહ્યા છે. કયામતના દિવસે અલ્લાહ કદાપિ તેમની સાથે વાત નહીં કરે, ન તેમને પવિત્ર ઠેરવશે, અને તેમના માટે પીડાકારી સજા છે. આ એ લોકો છે જેમણે માર્ગદર્શનના બદલે પદભ્રષ્ટતા અને ક્ષમાને બદલે સજા વહોરી લીધાં. કેવી વિચિત્ર છે તેમની હિંમત કે જહન્નમની સજા સહન કરવા તૈયાર છે! આ બધું એટલા માટે થયું કે અલ્લાહે તો તદ્દન સત્ય મુજબ ગ્રંથ ઉતાર્યો હતો પરંતુ જે લોકોએ ગ્રંથમાં મતભેદ ઊભા કર્યા તેઓ પોતાના વાદવિવાદમાં સત્યથી ઘણા દૂર નીકળી ગયા.''

''જે લોકોએ અમારી આયતોને ખોટી ઠેરવી છે અને તેની વિરુદ્ધ વિદ્રોહ કર્યો છે તેમને માટે આકાશના દરવાજા હરગિજ ખોલવામાં નહીં આવે. તેમનું જન્નતમાં જવું એટલું જ અશક્ય છે જેટલું સોયના નાકામાંથી ઊંટનું પસાર થવું. ગુનેગારોને

અમારે ત્યાં આવો જ બદલો મળે છે. તેમને માટે તો જહન્નમનું બિછાનું અને જહન્નમનું જ ઓઢવાનું. આ છે એ બદલો જે અમે અત્યાચારીઓને આપીએ છીએ. આનાથી ઊલટું, જે લોકોએ અમારી આયતોને માની છે અને સારાં કર્મ કર્યાં છે... તે જન્નતવાસીઓ છે જ્યાં તેઓ હંમેશાં રહેશે.''

''લોકો દારૂ અને જુગાર વિશે મને પૂછે છે. કહે: એ બંનેમાં મહાપાપ છે. અને લોકો માટે એમાં કંઈક લાભ પણ છે. પણ એમનું પાપ એમના લાભોથી ઘણું જ અધિક છે.''

''ઈશ્વર સત્કૃત્યો કરનારાઓ પર અત્યંત પ્રેમ રાખે છે.''

''સગાંને તેનો હક આપો અને ગરીબો અને અતિથિઓને તેમનો હક આપો, ઉડાઉપણે ખર્ચ ન કરો, ઉડાઉપણે ખર્ચ કરનારા શેતાનના ભાઈ છે.''

''અલ્લાહ તમને આદેશ આપે છે કે અનાથો સાથે ન્યાયપૂર્વક વર્તન કરો, અને જે ભલાઈ તમે કરશો તે અલ્લાહની જાણ બહાર રહેશે નહીં.''

''માબાપ કે નજીકના સગા જે કાંઈ મૂકી જાય તેમાંનો એક ભાગ પુરુષ અને એક ભાગ સ્ત્રીને મળશે, ભલેને મિલકત થોડી હો કે ઘણી, સૌના હિસ્સા ઠરાવેલા છે.''

''જેટલી બાબતોની પરવાનગી માણસને આપવામાં આવી છે તેમાં સૌથી વધારે ઘૃણાસ્પદ વસ્તુ છૂટાછેડાની છે'' (અબુ દાઊદ દ્વારા કથિત મહંમદ સાહેબની કથામાંથી).

''જો તમને ભય હોય કે અનાથો સાથે ન્યાય નહીં કરી શકો તો જે સ્ત્રીઓ તમને પસંદ પડે તેમાંથી બબ્બે, ત્રણ ત્રણ, ચાર ચાર સાથે લગ્ન કરો, પરંતુ જો તમને ભય હોય કે તેમની સાથે

ન્યાય નહીં કરી શકો તો પછી એક જ પત્ની કરો, અથવા એ સ્ત્રીઓને પત્ની બનાવી લો જે તમારા કબજામાં આવી છે, અન્યાયથી બચવા માટે, આ વધુ યોગ્ય છે.''

''જે લોકો પોતાની સ્ત્રીઓ સાથે સંબંધ ન રાખવાના સોગંદ ખાઈ બેસે છે એમના માટે ચાર મહિનાની મહેતલ છે, જો તેઓ સંબંધ પુનઃ સ્થાપિત કરી લે, તો અલ્લાહ ક્ષમા આપનાર અને દયાળુ છે. અને જો તેમણે તલાક(છૂટાછેડા)નો જ નિર્ણય કરી લીધો હોય તો ધ્યાનમાં રાખો કે અલ્લાહ બધું જ સાંભળે અને જાણે છે.''

''અને જે સ્ત્રીઓ તમારામાં વિશ્વાસ રાખે છે તેમને કહી દો કે પોતાની દૃષ્ટિ નીચી રાખે, પોતાનાં સઘળાં અંગો ઢંકિલાં રાખે, અને પોતાના શણગારનો દેખાવ ન કરે. માત્ર એ શણગાર જે બાહ્ય છેઃ બુરખો ઓઢે, પતિ, પિતા, સસરા, દીકરાઓ, સાવકા દીકરાઓ, ભાઈ-ભત્રીજાઓ, ભાણેજો અથવા સ્ત્રીઓ, નોકરો, વ્યંઢળો કે નિર્દોષ બાળકો સિવાય બીજા કોઈની પાસે પોતાના શણગારને છતો ન કરે; અને પગનો ઠમકો ન કરે જેથી નૂપુર વગેરે ઢંકિલાં હોય તેની જાહેરાત થઈ જાય.''

''હે પુરુષો, તમારા હક છે અને હે સ્ત્રીઓ, તમારો પણ હક છે. હે લોકો, તમારી પત્નીઓ પર પ્રેમ રાખો અને તેમની સાથે દયાભર્યો વર્તાવ રાખો. ખરેખર, અલ્લાહને વચ્ચે રાખીને તમે તેમને તમારી સાથીદાર બનાવી છે. . . . ધ્યાનમાં રાખો કે અલ્લાહ તલાક(છૂટેછેડા)ને સૌથી બૂરી વસ્તુ માને છે.''

''તમારા ગુલામો વિશે ખબરદાર ! તેમને તમે ખાતા હો તેવું જ ખવડાવજો અને તમે પોતે પહેરતા હો તેવાં જ કપડાં

પહેરાવજો. તેમના ગજા ઉપરવટનું કામ કરવાની તેમને કદી આજ્ઞા ન કરશો. અને એવું જ કામ હોય તો તમારો ધર્મ છે કે તે કામ કરવામાં તમે પોતે તેમને મદદ કરો. તમારામાંથી કોઈ પોતાના ગુલામને વગર ગુને માર મારે અથવા તેના મોં પર તમાચો મારે તો તેનું પ્રાયશ્ચિત્ત એ છે કે તે ગુલામને તે જ સમયે આઝાદ કરી દેવો. ધ્યાનમાં રાખો કે જે માણસ પોતાના ગુલામ સાથે ખરાબ વર્તન રાખશે તેને માટે સ્વર્ગનો દરવાજો બંધ થઈ જશે.''

''તમારી ઉપર ફરજિયાત બનાવવામાં આવ્યું છે કે જ્યારે તમારામાંથી કોઈના મૃત્યુનો સમય આવે અને તે પોતાની પાછળ સંપત્તિ મૂકી જઈ રહ્યો હોય, તો માબાપ અને સગાંઓ માટે ભલી પદ્ધતિએ વસિયત કરે.''

''હે લોકો, જેઓ શ્રદ્ધા ધરાવો છો, તમારે માટે રોજા (ઉપવાસ) ફરજિયાત બનાવવામાં આવ્યા. જેવી રીતે તમારી અગાઉ નબીઓના અનુયાયીઓ માટે રોજા ફરજિયાત બનાવવામાં આવ્યા હતા. આનાથી આશા છે કે તમારામાં સંયમનો ગુણ પેદા થશે.''

''અને તમે અલ્લાહના માર્ગમાં એ લોકો સાથે લડો જેઓ તમારી સાથે લડે છે. પરંતુ અતિરેક ન કરો કારણ કે અલ્લાહ અતિરેક કરનારાઓને પસંદ નથી કરતો.''

''હે લોકો, જેઓ શ્રદ્ધા ધરાવો છો, જ્યારે તમે નશાની હાલતમાં હો ત્યારે નમાજની નજીક પણ ન જાઓ. નમાજ ત્યારે પઢવી જોઈએ જ્યારે તમને ભાન હોય કે શું કહી રહ્યા છો. અને આવી જ રીતે અસ્વચ્છતાની સ્થિતિમાં (અપવિત્રતાની

સ્થિતિમાં) પણ નમાજની નજીક ન જાઓ જ્યાં સુધી તમે સ્નાન ન કરી લો.''

''જ્યારે તમે નમાજ માટે ઊઠો તો પોતાના હાથ કોણીઓ સુધી ધોઈ લો, સ્નાન કરી પવિત્ર થઈ જાઓ. જો બીમાર હો કે મુસાફરીની હાલતમાં હો કે તમારામાંથી કોઈ વ્યક્તિ કુદરતી હાજતે જઈને આવે કે તમે સ્ત્રીઓનો સ્પર્શ કર્યો હોય તો જો પાણી ન મળે (તોપણ) શુદ્ધ માટીનો ઉપયોગ કરો, બસ માટી ઉપર હાથ ઘસીને પોતાના મોં અને હાથ ઉપર ફેરવી લો. અલ્લાહ તમારે માટે જીવન મુશ્કેલ બનાવવા માગતો નથી.''

''જો તમારામાંથી વીસ વ્યક્તિઓ ધૈર્યવાન હોય તો તેઓ બસો ઉપર વિજયી થશે અને જો સો વ્યક્તિઓ ધૈર્યવાન હોય તો સત્યનો ઈન્કાર કરનારી હજાર વ્યક્તિઓને ભારે પડશે કારણ કે સત્યનો ઈન્કાર કરનારાઓ સમજ ધરાવતા નથી. . . અને અલ્લાહ એ લોકોની સાથે છે જેઓ ધૈર્યવાન છે.''

* * *

''જે કોઈ ઈશ્વરના માર્ગમાં પોતાની જન્મભૂમિ છોડશે, તે આ ધરતી પર બધે આશ્રય પામશે અને સગવડ પણ પામશે. તથા જે કોઈ પોતાના ઘરથી ચાલી જઈને અલ્લાહ અને તેના રસૂલ તરફ ચાલે અને જો તેને મોત આવી જાય તો એનો બદલો ઈશ્વરને આધીન છે. ઈશ્વર મહાન ક્ષમાવાન અને મહાન કૃપાળુ છે.''

''પરિણામનો આધાર ન તો તમારી ઈચ્છાઓ પર છે ન તો ગ્રંથવાળાઓની ઈચ્છા પર. જે કોઈ બૂરું કરશે તેનું ફળ પામશે અને અલ્લાહના મુકાબલામાં પોતાને માટે કોઈ હિમાયતી અને

સહાયક નહીં મેળવી શકે. અને જે નેક કાર્ય કરશે, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પણ તે હોય મોમિન (ઈશ્વરમાં શ્રદ્ધા ધરાવનાર) તો આવા લોકો જન્નતમાં દાખલ થશે અને તેમને રજમાત્ર અન્યાય નહીં થવા પામે.''

''અલ્લાહને એ લોકો પસંદ છે જેઓ તેના ભરોસે કામ કરે છે. અલ્લાહ તમારી મદદે હોય તો કોઈ તાકાત તમારી ઉપર વિજયી થઈ શકશે નહીં. અને તે તમને છોડી દે તો તેના પછી કોણ છે જે તમારી મદદ કરી શકતો હોય ? પછી જે સાચા મોમિન છે એમણે અલ્લાહ ઉપર ભરોસો રાખવો જોઈએ.''

''જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા ગયા છે તેમને મૃત ન સમજો, તેઓ તો હકીકતમાં જીવિત છે. પોતાના પરમાત્માને ત્યાં રોજી મેળવી રહ્યા છે.''

''અલ્લાહ ચાહે છે કે તમારી સમક્ષ એ માર્ગો સ્પષ્ટ કરે અને એ માર્ગો પર તમને ચલાવે જેનું અનુસરણ તમારી પૂર્વે થઈ ગયેલા સદાચારીઓ કરતા હતા. (અલ્લાહ) તે તમારી તરફ કૃપાદષ્ટિથી વળવાનો ઈરાદો ધરાવે છે. અને તે જાણનાર પણ છે અને ડહાપણવાળો પણ છે. હા, અલ્લાહ તો તમારી તરફ કૃપાદષ્ટિ રાખવાનો ઈરાદો ધરાવે છે, પરંતુ જે લોકો પોતાના મનની ઈચ્છાઓનું અનુસરણ કરી રહ્યા છે તેઓ ચાહે છે કે તમે સીધા માર્ગથી ચલિત થઈ દૂર નીકળી જાઓ (જોકે) અલ્લાહ તમારી ઉપરનાં બંધનો હળવાં કરવા ચાહે છે કારણ કે માનવી નિર્બળ પેદા કરવામાં આવ્યો છે.''

''અને જ્યારે કોઈ આદરપૂર્વક તમને સલામ કરે તો તેને તેનાથી વધારે સારી રીતે જવાબ આપો અથવા ઓછામાં ઓછું

તેવી જ રીતે. અલ્લાહને દરેક વસ્તુનો હિસાબ લેવાનો છે.''

''તમે અપ્રામાણિક લોકોનો પક્ષ ન લો અને અલ્લાહ પાસે દરગુજર માટે યાચના કરો. તે મહાન દરગુજર કરનાર અને દયાળુ છે. જે લોકો પોતાની સાથે જ વિશ્વાસઘાત (છેતરામણી) કરે છે તેમની હિમાયત તમે ન કરો. અલ્લાહને એવી વ્યક્તિ પસંદ નથી જે વિશ્વાસઘાતી અને પાપી હોય.''

''માતાપિતા સાથે નેક વર્તન કરો, અને નિર્લજ્જ બાબતોની પાસે પણ ન ફરકશો. માટે તે ખુલ્લી હોય કે છૂપી, અને કોઈ જીવને જેને અલ્લાહે હરામ ઠેરવ્યો છે, મારો નહીં. . . અને તોલમાપમાં પૂરેપૂરો ઈન્સાફ કરો. . . અને જ્યારે વાત કહો ત્યારે ન્યાયની કહો, ચાહે મામલો પોતાના સગાનો જ હોય કે ન હોય.''

''અમે જ તમારી ઉપર આ કુરાન થોડું થોડું કરીને ઉતાર્યું છે. આથી તમે પરમાત્માના હુકમ ઉપર ધીરજ ધરો. અને કોઈ દુષ્કર્મી અથવા સત્યદ્રોહીની વાત ન માનો. પોતાના પરમાત્માના નામનું સ્મરણ સવાર-સાંજ કરો. રાત્રે પણ તેની હજૂરમાં સિજદો (પ્રણિપાત) કરો. અને મોડી રાત્રે તેની પવિત્રતાનો જાપ કરો.''

''અલ્લાહ ન્યાય અને ભલા વ્યવહાર અને સગાંઓ સાથે સદ્‌વર્તાવનો હુકમ આપે છે. અને નિર્લજ્જતા, દુરાચાર અને અત્યાચારની મનાઈ ફરમાવે છે. તે તમને શિખામણ આપે છે જેથી તમે બોધ ગ્રહણ કરો.''

''પોતાની ઓલાદને ગરીબીના ભયથી મારી ન નાખો. અમે તેમને પણ રોજી આપીશું અને તમને પણ. તેમની હત્યા એક

ઘોર અપરાધ છે. વ્યભિચાર ન કરો. તે ઘણું જ ખરાબ કૃત્ય છે અને ઘણો જ ખરાબ માર્ગ છે. જીવહત્યા ન કરો જે અલ્લાહે હરામ ઠેરવી છે, સિવાય કે જેની છૂટ આપી છે.''

''અલ્લાહ કહીને પોકારો કે રહેમાન કહીને, જે નામથી પોકારો તેના માટે બધાં જ ઉત્તમ નામો છે, અને પોતાની નમાજ ન બહુ ઊંચા અવાજે પઢો અને ન તો બહુ ધીમા અવાજે, આ બંને વચ્ચે મધ્યમ અવાજે પઢો.''

''આ ધન અને આ ઓલાદ કેવળ દુન્યવી જીવનની એક હંગામી સજાવટ છે. હકીકતમાં તો બાકી રહી જનારાં સત્કાર્યો જ તમારા પરમાત્માની નજીક પરિણામની દૃષ્ટિએ વધુ સારાં છે અને તેનાથી જ સારી આશા રાખી શકાય છે. ચિંતા એ દિવસની થવી જોઈએ જ્યારે અમે પર્વતોને ચલાવીશું, અને તમે ધરતીને સાવ નગ્ન જોશો, અને અમે તમામ મનુષ્યોને એકત્ર કરીશું એવી રીતે કે એક પણ બાકી નહીં રહી જાય. અને બધા જ તમારા પરમાત્માની સમક્ષ કતારબદ્ધ રજૂ કરવામાં આવશે. . . . લો, જોઈ લો. આવી ગયાને તમે અમારી સામે એવી રીતે કે અમે (પરમાત્માએ) તમને પહેલી વખત પેદા કર્યા હતા. તમે તો એમ સમજ્યા હતા કે અમે તમારે માટે કોઈ વાયદાનો સમય નક્કી જ કર્યો નથી. અને કર્મનોંધ સામે મૂકી દેવામાં આવશે (એક દિવસ અલ્લાહ સમક્ષ સૌનો ન્યાય થવાનો છે, ત્યારે માત્ર સદ્કર્મોની ગણતરી થશે) એ વખતે તમે જોશો કે ગુનેગાર લોકો પોતાના જીવનપુસ્તકની નોંધથી ડરી રહ્યા હશે અને કહેતા હશે ''અફસોસ છે ! અમારું દુર્ભાગ્ય છે. આ કેવું પુસ્તક છે કે જેમાં અમારું કોઈ નાનુંમોટું કાર્ય એવું નથી જે

આમાં નોંધાઈ ન ગયું હોય.''

''તો મૂર્તિઓની ગંદકીથી બચો, જૂઠી વાતોથી બચો, એકાગ્ર થઈ અલ્લાહના બંદા બનો, તેની સાથે કોઈને ભાગીદાર ન બનાવો. અને જે કોઈ અલ્લાહ સાથે કોઈને ભાગીદાર (અલ્લાહના જેવો ગણે) ઠેરવે તે જાણે કે આકાશમાંથી પડી ગયો. હવે કાં તો પક્ષીઓ તેને ઉપાડી લઈ જશે અથવા પવન તેને એવી જગ્યાએ લઈ જઈ ફેંકી દેશે જ્યાં તેના ફુરચેફુરચા ઊડી જશે.''

''એક દૃષ્ટાંત આપવામાં આવે છે, ધ્યાનપૂર્વક સાંભળો. જે ઉપાસ્યોને તમે અલ્લાહને છોડી પોકારો છો તેઓ સૌ ભેગા મળીને એક માખી પણ પેદા કરવા ચાહે તો નથી કરી શકતા. બલ્કે જો માખી તેમની પાસેથી કોઈ વસ્તુ ઝૂંટવી લઈ જાય તો તેઓ તેને છોડાવી પણ શકતા નથી. મદદ માગનારા પણ નિર્બળ અને જેમની મદદ માગવામાં આવે છે તે પણ નિર્બળ. આ લોકોએ અલ્લાહની કદર જ ન જાણી જેવી રીતે તેને જાણવી ઘટે. હકીકત એ છે કે સમર્થ અને ઇજ્જતદાર તો એક અલ્લાહ જ છે'' (તમે પૂજો છો તે મૂર્તિઓ નહીં).

''જે લોકો અલ્લાહના ગ્રંથનો પાઠ કરે છે અને નમાજ કાયમ કરે છે અને જે કંઈ રોજી અમે તેમને આપી છે તેમાંથી જાહેરમાં અને છૂપી રીતે ખર્ચ કરે છે, બેશક તેઓ એક એવા વેપારની અપેક્ષા રાખે છે જેમાં કદાપિ ખોટ નહીં થાય. . . . જે ગ્રંથ (કુરાન) અમે તમારી તરફ વહી રૂપે ઉતાર્યો છે તે જ સત્ય છે, અને એ ગ્રંથોનું સમર્થન કરતો આવ્યો છે જે આના પહેલાં આવ્યા હતા. બેશક અલ્લાહ પોતાના બંદાઓની સ્થિતિથી

વાકેફ છે અને દરેક વસ્તુ જુએ છે. પછી અમે આ ગ્રંથના વારસદાર બનાવ્યા એ લોકોને જેમને અમે આ વારસા માટે પોતાના બંદાઓમાંથી ચૂંટી લીધા.''

કુરાન માત્ર પઢવા માટે નથી એના અર્થનું સ્પષ્ટીકરણ પામવાની પણ આવશ્યકતા છે–

''આ (કુરાનની) વહીને જલદી જલદી ગોખી લેવા માટે જીભ હલાવો નહીં. આને યાદ કરાવી દેવાની અને પઢાવવાની અમારી જવાબદારી છે. આથી જ્યારે અમે આને પઢી રહ્યા હોઈએ ત્યારે આના પઢવાને ધ્યાનપૂર્વક સાંભળતા રહો, પછી આનું સ્પષ્ટીકરણ કરવાની પણ જવાબદારી અમારી છે.''

''નિઃશંક નેક લોકો આનંદમાં હશે અને નિઃશંક દુષ્કર્મીઓ જહન્નમમાં જશે.''

''અમે આ કુરાનમાં લોકોને વિવિધ દૃષ્ટાંતો આપ્યાં છે જેથી આ લોકો ભાનમાં આવે. એવું કુરાન અરબી ભાષામાં છે જેમાં જરાય વક્રતા નથી (શંકાસ્પદ બાબતો નથી) જેથી આ લોકો ખરાબ અંજામથી બચે.''

*　　*　　*

કુરાન ઉપરાંત મહંમદ સાહેબના સંપર્કમાં આવેલા કેટલાકોએ પ્રસંગોનું બયાન કરેલું છે અને મહંમદ સાહેબને પૂછેલા પ્રશ્નોના ઉત્તરો મેળવેલા છે. જેમાં પણ એમનો ઉપદેશ, આદેશ અને મંતવ્યો પ્રગટ થાય છે. જુદે જુદે સ્થળે મહંમદ સાહેબનાં વચનો આ રીતે બીજાઓ દ્વારા પણ પ્રાપ્ત થાય છે અને તે પણ ઘણા મહત્ત્વનાં છે.

એક વાર મહંમદ સાહેબને પૂછવામાં આવ્યું કે ઈસ્લામ શી

વસ્તુ છે ત્યારે તેમણે જવાબ આપ્યો: ''ઈશ્વરની આજ્ઞાને આધીન રહેવું અને સઘળાં પ્રાણીઓ પર દયા રાખવી.''

* * *

એક જણે મહંમદ સાહેબને ઇસ્લામ એટલે શું એમ પૂછ્યું તેના જવાબમાં તેમણે કહ્યું: ''વાણી પવિત્ર રાખવી અને અતિથિઓનો સત્કાર કરવો.''

* * *

સાચો મુસ્લિમ કોણ? – એ પ્રશ્નના ઉત્તરમાં મહંમદ સાહેબે કહ્યું કે: ''સાચો મુસ્લિમ એ છે જેના પર લોકો પોતાના જાન અને માલમિલકત માટે વિશ્વાસ રાખે છે.'' અને ધર્મની સાચી પરખ કઈ છે તેના જવાબમાં કહ્યું કે: ''બીજાઓ સાથેના વર્તનમાં માનવીના ધર્મની ખરી પરીક્ષા રહેલી છે.''

* * *

એક વાર મહંમદ સાહેબે કહ્યું: ''તમારી જીભને બરાબર વશમાં રાખો. ઘણા લોકો એને કારણે દુ:ખમાં આવી પડ્યા છે.''

* * *

એક વ્યક્તિએ ઇસ્લામની સાચી પિછાન શેમાં છે એમ પૃચ્છા કરી તેના ઉત્તરમાં મહંમદ સાહેબે કહ્યું: ''ભૂખ્યાંને ભોજન આપવું અને જાણીતા કે અજાણ્યાનું ભલું વાંચ્છવું.''

* * *

''મહંમદ સાહેબના મત પ્રમાણે ''એ માણસ મજબૂત કે શક્તિશાળી નથી જે બીજાને દ્વંદ્વયુદ્ધમાં હરાવી દે પણ તે શક્તિશાળી છે જે પોતાના ગુસ્સાને કાબૂમાં લે.''

* * *

''તમને કોઈ માણસ તમારા કરતાં કોઈ બાબતમાં ચડિયાતો લાગે તો તેની ઈર્ષ્યા ન કરશો. એને બદલે બીજા જેને ઓછી વસ્તુ પ્રાપ્ત થઈ છે તેનો દાખલો લઈ તમને જે કંઈ મળ્યું છે તે માટે અલ્લાહનો આભાર માનો.''

* * *

''જેમ અગ્નિ લાકડાને બાળી મૂકે છે તેમ ઈર્ષ્યા માણસના સદ્ગુણોને બાળી મૂકે છે.''

* * *

''જો કોઈ એક પગલું ઈશ્વર તરફ જાય છે તો ઈશ્વર બે પગલાં તેની તરફ આવે છે. નિષ્પાપ જિંદગી જીવવાનું સાહસ સર્વોત્તમ સાહસ છે.''

* * *

''પોતાનો પાડોશી જ પાસે ભૂખ્યો પડ્યો હોય ત્યારે જે માણસ પોતે પેટ ભરીને ખાય છે તે મોમિન (ઈશ્વરમાં માનનારો) નથી.''

* * *

''બીજા લોકો માટે પણ એ જ ઇચ્છો જે તમારે માટે ઇચ્છતા હો અને તમારે માટે નાપસંદ હોય તે બીજાને માટે પણ નાપસંદ કરતા રહો.''

* * *

ઈમાન શી વસ્તુ છે તેના સંબંધમાં મહંમદ સાહેબે કહ્યું છે: ''ધીરજ ધરવી અને બીજાઓનું ભલું કરવું.''

* * *

ઈમાન શી ચીજ છે? તેના જવાબમાં મહંમદ સાહેબે

જણાવ્યું કે: ''જો તને સત્કાર્ય કરતાં આનંદ થાય અને દુષ્કૃત્ય કરતાં દુ:ખ થાય તો તું ઈમાનદાર છે.'' પાપ શું છે તે સમજાવતાં તેમણે કહ્યું: ''જે કોઈ કામ કરતાં તારા આત્માને દુ:ખ થાય તે પાપ છે.''

* * *

''તમારા મન સાથે એ મક્કમ નિર્ધાર કરો કે તમારા ઉપર ઉપકાર કરનારા પર તમે ઉપકાર કરો જ, પણ કોઈ બૂરો વર્તાવ કરે તોપણ જુલ્મ કે બૂરા વ્યવહારનું આચરણ ન કરો.''

* * *

''તું તારા કોઈ ભાઈઓની મુસીબત પર ખુશી પ્રગટ ન કર, બનવા જોગ છે કે અલ્લાહ તેને મુસીબતમાંથી છોડાવે અને તને મુસીબતમાં ફસાવે.''

* * *

''જે માણસ નમ્રતાના ગુણથી વંચિત થયો તે બધી વસ્તુથી વંચિત થયો.''

* * *

''એ લોકો અલ્લાહની વિશેષ કૃપાથી વંચિત રહેશે જેમના હૃદયમાં બીજા માણસો માટે કૃપા નહીં હોય અને બીજા ઉપર દયા નહીં લાવે.''

* * *

''જે માણસ તંદુરસ્ત છે અને કામ કરી શકે છે એ જો પોતાને માટે અથવા બીજાને માટે કામ નહીં કરે તો ખુદા તેના પર દયા લાવતો નથી. જે ઈમાનદારીથી રોટી કમાય છે તેને અલ્લાહ ચાહે છે. અલ્લાહ એના ઉપર ખુશ રહે છે જે મહેનતથી પોતાની

રોજી મેળવે છે અને ભીખ માગતો નથી.''

* * *

''મજૂરનો પસીનો સુકાય તે પૂર્વે એની મજદૂરી ચૂકવી દો'' એમ મહંમદ સાહેબે કહ્યું છે.

* * *

''જે અભિમાનથી ચાલે છે તે સ્વર્ગમાં જગ્યા પામશે નહીં તેમ જ દંભી માણસ પણ.''

* * *

''તેઓ ઉત્તમ મોમિન છે જેઓ રોજબરોજના જીવનમાં ઉત્તમ સભ્યતા દાખવે છે.''

* * *

''જ્યારે તમે કંઈ બોલો ત્યારે સત્ય હોય તે જ બોલો.''

* * *

ઈસ્લામ શું છે તેના જવાબમાં એક વાર પયગંબરે કહ્યું: ''વાણીની સચ્ચાઈ અને સભ્યતા.''

* * *

''બીજા તરફ સદ્‌ભાવ દાખવવાની ઉપેક્ષા કરશો નહીં કારણ કે સદ્‌ભાવ દાખવવો એ ખરેખર ઈશ્વરની પ્રાર્થના (બરાબર) છે.''

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

**રૂ.૨૦૦ (સેટની)**

**ISBN 81-7229-237-6 (set)**